પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૬૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૬-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉદયપુરમાં તાલિબાની હત્યા: કનૈયાલાલના અંતિમ સંસ્કાર કરાયા

## હત્યારાઓને ફાંસી આપો, નહીંતર તેઓ બીજા વધુ લોકોને મારશે : કનૈયાલાલની પત્નિ

ઉદયપુર,

ઉદયપુરમાં માર્યા ગયેલા કનૈયાલાલના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તેમના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો શહેરના સૌથી મોટા સ્મશાન ઘાટ અશોક નગર પહોંચ્યા હતાં અને કનૈયાલાલને અંતિમ વિદાય આપી હતી અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતાં અને સુત્રોચ્ચાર કરી રહ્યાં હતાં કે આરોપીઓને તાકિદે ફાંસી આપો,ફાંસી આપો

આ ઘટનાના વિરોધમાં આજે સમગ્ર શહેર બંધ રહ્યું હતું. આ પહેલા જ્યારે પોસ્ટમોર્ટમ બાદ તેમના મૃતદેહને ઘરે લઈ જવામાં આવ્યો ત્યારે ઘરમાં અફરાતફરી મચી ગઈ હતી. તેમની પત્નીએ કહ્યું કે હત્યારાઓને ફાંસીની સજા મળવી જોઈએ, નહીં તો આ લોકો ઘણા લોકોને મારી નાખશે. કનૈયાની પત્ની યશોદો સરકારથી પણ નારાજગી વ્યકત કરી





હતી તેમણે કહ્યું કે સરકારથી શું આશા કરૂ હવે તે શું કરશે મારો પતિ તો ચાલ્યો ગયો તેમનું કહેવું હતું કે અમને ન્યાય અપાવો,મોદીથી વાત કરાવો અશોક ગહલોત સાથે વાત કરાવો મારા બાળકોને નોકરી અપાવો ૩૧ લાખમાં પુરી જીંદગી નિકળી જશે મારી પોલીસને એ ફરિયાદ છે કે ન્યાય અપાવો મારા પતિની સાથે જે થયું તે લોકોની સાથે પણ એવું જ કરો.તેમણે કહ્યું કે ઘરમાં પતિ જ એકલો કમાનાર હતો પરિવારમાં તેમને અને તેમના બે પુત્રો સહિત ચાર નણંદ સાસુ અને ભત્રીજો પણ છે.પરિવાર માટે બસ એટલી જ આવક થાય છે કે ખર્ચ નિકળી જાય છે પેટ ભરીને ખાઈ લઈએ છીએ

મૃતકની બેન ભગવતી દેવીએ કહ્યું હતું તેમના ભાઈ સાથે વાત થઈ હતી તેમણે કહ્યું હતું કે તે રાતમાં પોલીસ સ્ટેશન રોકાયો અને ધમકી આપનારાની સાથે સમજૂતિ થઈ બેન ભગવતીએ પોતાના ભાઈના પુત્રો માટે પાક્કી સરકારી નોકરી અને ભાભીના ગુજરાન માટે રકમની માંગ સરકારને કરી છે.વૃધ્ધ માતા કૌંદરી દેવીને પણ પોતાના પુત્રના મોતનું દુખ છે પરંતુ હત્યારાઓની કરતુત પર જબરજસ્ત ગુસ્સો પણ છે.તેમણે પોતાના પુત્ર માટે ન્યાયની માંગ કરી છે. વિપક્ષના નેતા ગુલાબચંદ કટારિયા પણ પરિવારજનોને મળવા ઉદયપુરની એમબી હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે સરકારનાં ગુપ્તચર વિભાગની આ નિષ્ફળતા છે. ગુનેગારોમાં હવે કોઈ ડર રહ્યો નથી. અત્યાર સુધી ઘણા એસએચઓને હટાવ્યા નથી.

તાલિબાનોની જેમ હત્યા કર્યા બાદ ઉદયપુરમાં ઠેર-ઠેર પોલીસ તહેનાત કરવામાં આવી છે. ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. સમગ્ર રાજસ્થાનમાં ૨૪ કલાક ઈન્ટરનેટ બંધ છે અને એક મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. વહીવટીતંત્રે ભીડ એકત્ર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને આ દરમિયાન ભાજપે ઉદયપુર બંધનું એલાન આપ્યું હતાં જેને લઈને શહેર મોટાભાગે બંધ રહ્યું હતુ જો કે કનૈયાલાલની હત્યાના ૪ કલાક બાદ બે આરોપીઓ ગૌસ મોહમ્મદ અને રિયાઝ જબ્બરની ધરપકડ કરવામાં આવી છે.કનૈયાલાલની હત્યા કર્યા બાદ આરોપી મોહમ્મદ રિયાઝ અને મોહમ્મદ ગૌસ તેમની બાઈક પર નાથી જવા માટે નીકળ્યા હતા. પરંતુ આ દરમિયાન ડીએસટીની ટીમે રાજસમંદ પોલીસની મદદથી બંને આરોપીઓની ભીમ વિસ્તારમાંથી ધરપકડ કરી લીધી હતી. ડીએસટી ટીમના પ્રહલાદસિંહને મળેલી ટીપના આધારે ડીએસટીની ટીમે સમયસર બંનેની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ બાઈક પરથી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, તેઓને નાકાબંધી કરીને ઝડપી લેવામાં આવ્યા હતા.

જોધપુરથી જયપુર જતા સમયે અશોક ગેહલોતે ઉદયપુરની ઘટના પર કહ્યું- શું પ્લાન અને ષડયંત્ર હતું. કોની લિંક છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કડી શું છે. આ તમામ બાબતો બહાર આવશે. આ ઘટના સામાન્ય નથી. કેટલાક અસામાજીક તત્વો હોઈ શકે છે. આ મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. જે પણ જાણવા મળશે, તે હું જણાવીશ.સીએમ જોધપુર એરપોર્ટ પહોંચ્યા બાદ ઉદયપુર કેસમાં નિવેદન જારી કર્યું. તેમણે કહ્યું - આ ખૂબ જ ચિંતાનો વિષય છે. કોઈની હત્યા ચિંતાજનક છે. સમગ્ર દેશમાં તણાવનું વાતાવરણ સર્જાયુ છે. વાતાવરણ સારું નથી.

એ યાદ રહે કે દુકાનમાં ઘૂસીને દરજી કનૈયાલાલ સાહુની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આરોપીઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો તેમજ વીડિયો બનાવી વડાપ્રધાન મોદીને પણ ધમકી આપી હતી. હત્યા બાદ પરિવારે કેટલીક માંગણીઓ કરી હતી. આ અંગે સંમતિ મળ્યા બાદ કનૈયાલાલના મૃતદેહને શબઘરમાં રાખવામાં આવ્યો હતો. મૃતકનાં પરિવારજનોને ૩૧ લાખ સહાય અને બંને પુત્રોને નોકરીની ખાતરી આપવામાં આવી છે. બેદરકારી દાખવવા બદલ ધાનમંડી પોલીસ સ્ટેશનના એએસઆઈ ભંવરલાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### કનૈયાલાલનું માથુ ધડથી અલગ કરી ૨૬ વાર હુમલો : પોસ્ટમાર્ટમ રિપોર્ટમાં ખુલાસો

ઉદયપુરમાં માર્યા ગયેલા દરજી કન્હૈયાના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટા ખુલાસા થયા છે. રિપોર્ટ અનુસાર કન્હૈયાની ગરદન ધારદાર હથિયારથી કાપી નાખવામાં આવી હતી. શરીર પર ૨૬ ઘા કરવામાં આવ્યા હતા, ૧૩ જગ્યાએ કાપવાના નિશાન પણ મળી આવ્યા છે. મંગળવારે બપોરે કપડા માપવાના બહાને દુકાને આવેલા મહંમદ રિયાઝ અને ગૌસ મોહમ્મદે દરજી કન્હૈયાલાલની ઘાતકી હત્યા કરી નાખી હતી.

કન્હૈયા લાલના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઘણા મોટા ખુલાસા થયા છે અને શરીર પર બે ડઝનથી વધુ ઘાવના નિશાન જોવા મળ્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર કન્હૈયા લાલની ગરદન પર સાતથી આઠ ઘાવ કરવામાં આવ્યા હતા. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે કે કન્હૈયા લાલનો એક હાથ પણ કપાયેલો જોવા મળ્યો છે. રિપોર્ટ અનુસાર, કન્હૈયા લાલના મૃત્યુનું મુખ્ય કારણ ભારે રક્તસ્ત્રાવ અને એક સાથે અનેક નસોમાં કાપા છે.

## LRD ભરતી : અમે ૧૦ હજારથી વધુ જગ્યાઓ સામે ૨૧ હજારથી વધુને બોલાવાયા છે : બોર્ડના ચેરમેન

ગાંધીનગર,

લોકરક્ષક ભરતી દળ પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આજે પ્રેસ કોન્ફરન્સ કરીને વિગતવાર માહિતી આપી છે. તેમણે જણાવ્યું હતું કે લોક રક્ષક ભરતી પરીક્ષાના ગુણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન લિસ્ટ જાહેર કર્યું છે. જે તે કેટેગરીના જગ્યા કરતા બમણા ઉમેદવારોને બોલાવવામાં આવ્યા છે.

લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે, અમે ૧૦ હજારથી વધુ જગ્યાઓ સામે ૨૧ હજારથી વધુને બોલાવાયા છે. જેમણા ડોક્યુમેન્ટ વેરિફિકેશન જૂલાઈ મહિનામાં થશે. જેનો અલગથી કોલલેટર મોકલાશે પીએસઆઈની પરીક્ષા આપનારનું આખરી પરિણામ આવ્યા બાદ તેમને લોકરક્ષક ભરતીની ડોક્યુમેંટ ચકાસણી માટે બોલાવાશે. લોકરક્ષકમાં વેઈટીંગ લિસ્ટ હોતું નથી. ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તેમને પસંદગીનો વિકલ્પ મળશે. તમે શેમાં જવા માંગો છો તેનો પસંદગી ક્રમ વેરિફિકેશન સમયે લેવાશે. ફાઈનલ યાદી સમયે તે અંગે ફરી જાહેરાત થશે.

હસમુખ પટેલે જણાવ્યું હતું કે, લોકરક્ષક ભરતી દળ પરીક્ષામાં ગેરરીતિ કરનાર ૧૪ ઉમેદવારોને ગેરલાયક ઠેરવ્યા છે. તેમની યાદી વેબસાઈટ પર મૂકી છે. તેમને આગામી પરીક્ષાઓમાંથી ગેરલાયક ઠેરવવા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી છે. ૨૦ઓગસ્ટ આસપાસ અમે અંતિમ યાદી જાહેર કરી શકીશું. પણ તે પીએસઆઈના પરિણામ બાદ સ્પષ્ટ થશે. આ વખતે બોર્ડે નિર્ણય કર્યો છે કે જે લોકો કોઈપણ રીતે ગુનામાં સંડોવાયેલા છે તેમને પૂરતી તક આપીને ગેરલાયક ઠેરવીએ છીએ. ગઈકાલે વેબસાઈટ પર એ વિગતો મૂકી છે.

## GST પેનલની ભલામણ સ્વીકારવામાં આવી, હવે દહીં, પનીર સહિતની વસ્તુઓ મોંઘી થશે

નવીદિલ્હી,

દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે,જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે, હવે પ્રજાને ફરી મોંઘવારીની માર સહન કરવી પડશે કારણ કે જીએસટી કાઉન્સિલે કેટલાક બિનબ્રાન્ડેડ પેકેજડ ફૂડ આઈટમ્સ સહિત અનેક માલસામાન અને સેવાઓ પર મુક્તિ દૂર કરવા માટે મંત્રીઓની પેનલની ભલામણોને સ્વીકારી હતી. જીએસટી કાઉન્સિલે ઘણી સેવાઓ પર છૂટ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે




મીટ, ફિશ, દહીં, પનીર અને મધ, ડ્રાઈડ મખના, ઘઉં જેવી પ્રિ-પેક્ડ અને લેબલ્ડ ફુડ આઈટમ જેવી ફૂડ આઈટમ પર હવે ૫ ટકા જીએસટી લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત ચેક જારી કરવા માટે બેંક દ્વારા લેવામાં આવતા ચાર્જ પર પણ ૧૮ ટકા જીએસટી લાગુ પડશે. ટેક્સ માફી પાછા ખેંચી લેવાની રાજ્યોના પ્રધાનોના ગ્રૂપની મોટાભાગની ભલામણોને જીએસટી કાઉન્સિલે સ્વીકારી હોવાથી આ તમામ ફૂડ આઈટમ મોંઘી બનશે. નકશા અને ચાર્ટ પર પણ ૧૨ ટકા ટેક્સ લાગુ પડશે. જોકે પેકિંગ, લેબલ કે બ્રાન્ડ વગરની આઈટમ પર જીએસટી લાગુ પડશે નહીં.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણના અધ્યક્ષતા હેઠળની બેઠકમાં જીએસટી રજિસ્ટ્રર્ડ બિઝનેસ માટે નિયમ પાલનની સંખ્યાબંધ પ્રોસિજરને બહાલી આપવામાં આવી છે. જૂન ૨૦૨૨ પછી પણ રાજ્યોને વળતર આપવાના તથા કેસિનો, ઓનલાઈન ગેમિંગ અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા જીએસટી લાદવાના મહત્ત્વના મુદ્દાની બુધવારે ચર્ચાવિચારણા થશે. કર્ણાટકના મુખ્યપ્રધાન બસવરાજ એસ બોમ્બાઈના વડપણ હેઠળ રાજ્યના નાણાપ્રધાનોના ગ્રૂપના વચગાળાના અહેવાલને કાઉન્સિલે સ્વીકાર્યો છે.

આ અહેવાલમાં ઈન્વેર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરમાં સુધારો તથા કેટલીક આઈટમ પરની ટેક્સ માફીને દૂર કરવાની ભલામણ કરાઈ છે. પ્રધાનોના ગ્રૂપે સંખ્યાબંધ સર્વિસિસ માટે જીએસટી માફીને પાછી ખેંચી લેવાનું સૂચન કર્યું છે. હાલમાં દૈનિક ₹૧,૦૦૦થી ઓછા ભાડાના હોટેલ એકોમોડેશન પર જીએસટી લાગુ પડતો નથી, જેના પર હવે ૧૨ ટકા ટેક્સ લાગુ પડશે.

પ્રધાનોના ગ્રૂપે હોસ્પિટલ રૂમનો ચાર્જ દૈનિક ₹૫,૦૦૦થી વધુ હોય તેવા કિસ્સામાં રૂમ ભાડા પર ૫ ટકા જીએસટીની ભલામણ કરી છે. જોકે તેમાં આઈસીયુનો સમાવેશ થતો નથી. પ્રધાનોના ગ્રૂપે પોસ્ટકાર્ડ અને ઈનલેન્ડ લેટર્સ સિવાયની પોસ્ટ ઓફિસની તમામ સેવાઓ પર ટેક્સ લાદવાની ભલામણ કરી છે. આ ઉપરાંત ચેક (લૂઝ કે બુકના સ્વરૂપ)માં ૧૮ ટકા ટેક્સ લાદવાની ભલામણ કરી છે. ગોલ્ડ, જ્વેલરી અને કિંમતી સ્ટોનના આંતરરાષ્ટ્રીય હેરફેર માટેના ઈ-વે બિલના સંદર્ભમાં કાઉન્સિલે ભલામણ કરી છે કે ઈલેક્ટ્રોનિક બિલને ફરજિયાત બનાવવાની મર્યાદા નક્કી કરવા અંગે રાજ્યો નિર્ણય કરશે.

## ભારતમાં કોરોનાના કેસમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૦૬ નવા કેસ

નવીદિલ્હી,

ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં ૨૩ ટકાનો ઉછાળો આવ્યો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૦૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળામાં કોરોના વાયરસને કારણે ૩૦ લોકોના મોત થયા છે. જણાવી દઈએ કે ગઈકાલે કોરોનાના કેસોમાં ઘટાડો થયો હતો અને ૧૧,૭૯૩ કેસ નોંધાયા હતા. આજે કોરોનાના નવા કેસોમાં વધારો જોવા મળ્યો છે. હાલમાં દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૯૯,૬૦૨ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૫૭૪ લોકો કોરોનાથી સાજા થયા છે. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના કુલ ૪૩,૪૩૩,૩૪૫ કેસ નોંધાયા છે. કોરોનાના કારણે મૃત્યુની કુલ સંખ્યા ૫૨૫,૦૭૭ છે.


સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૪૪,૭૮૮ રસી આપવામાં આવી છે. જ્યારે દેશમાં અત્યાર સુધીમાં કુલ રસીકરણનો આંકડો ૧,૯૭,૪૬,૫૭,૧૩૮ પર પહોંચી ગયો છે.

દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૮૭૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે ચેપને કારણે ચાર લોકોના મોત થયા છે. રાજધાનીમાં ચેપનો દર ૫.૧૮ ટકાથી નીચે છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં આ માહિતી આપવામાં આવી છે. ડેટામાં કહેવામાં આવ્યું છે કે સોમવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ચેપના ૬૨૮ નવા કેસ નોંધાયા છે. જ્યારે આના કારણે ત્રણ લોકોના મોત થયા હતા. સોમવારે ચેપ દર આઠ ટકાથી વધુ હતો. માહિતી અનુસાર, નવા કેસ આવ્યા બાદ સંક્રમિતોની સંખ્યા વધીને ૧૯,૩૨,૯૦૦ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક વધીને ૨૬,૨૬૦ થયો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સારવાર હેઠળના કેસોની સંખ્યા ઘટીને ૪,૪૮૨ થઈ ગઈ છે.

## અમિત શાહ ફરી ૨ દિવસના ગુજરાત પ્રવાસે, રથયાત્રાના દિવસે મંગળા આરતી કરશે

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી દિવસોમાં ફરી એકવાર ૨ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જેના ભાગરૂપે આવતીકાલે સાંજે (ગુરુવાર) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવશે. ૧ જુલાઈએ સવારે ૪ વાગે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરશે. સવારે ૯ વાગે કલોલમાં સ્વામિનારાયણ હોસ્પિટલનું લોકાર્પણ કરશે. ત્યારબાદ રૂપાલ ગામમાં કેન્દ્રિય ગૃહમંત્રીની રજત તુલા થશે. અને ત્યાંજ અમિત શાહ જનસભાને સંબોધન કરશે. પછી વાસણ ગામમાં શાહ તળાવનું ભૂમિપૂજન કરશે અને સાંજે અમદાવાદના મોડાસર ગામમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાત મુર્હત કરશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, તાજેતરમાં અમિત શાહ ગુજરાત આવ્યા હતા. ત્યારે ફરી એકવાર ૩૦ જૂને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ સાંજે આવશે. અમિત શાહ અમદાવાદમાં રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથના દર્શન કરશે. ૧ જુલાઈએ સવારે ૪ વાગે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરશે. ત્યારબાદ ૧ જુલાઈએ જ સવારે ૯ વાગે કલોલ સ્થિત



સ્વામિનારાયણ યુનિ.નું લોકાર્પણ કરશે. અમિત શાહ ૧ જુલાઈએ કલોલમાં આવેલ વિશ્વ મંગળ ગુરુકુળના કાર્યક્રમમાં હાજરી આપશે. ૩૫૦ કરોડના ખર્ચે આકાર પામનારી પ્રેમ સ્વરૂપ સ્વામી સુપર મલ્ટી સ્પેશ્યલિટી હોસ્પિટલનું તેઓ ખાત મુહુર્ત કરશે. આ ઉપરાંત સ્વામિનારાયણ યુનિવર્સીટીના લોકાર્પણમાં પણ ભાગ લેશે. મહત્વનું છે કે, તાજેતરમાં અમિત શાહ ગાંધીનગર મનપા અને ગુડાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. જે કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના આગેવાનોએ હાજરી આપી હતી. ગાંધીનગર મનપા નિર્મિત ૧૯૩.૧૨ કરોડના પ્રોજેક્ટનું અમિત શાહે ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે ગાંધીનગર શહેરમાં ૩ બગીચાઓનું પણ લોકાર્પણ કર્યું હતું.

## લાઈબેરિયન મહિલા દાણચોરની ધરપકડ, ૧૩ કરોડનું કોકેઈન ઝડપાયું

નવીદિલ્હી,

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરાયેલી લાઈબેરિયન મહિલા પાસેથી ૧૩.૨૬ કરોડ રૂપિયાનું કોકેઈન મળી આવ્યું છે. કસ્ટમ વિભાગે આજે એક નિવેદન જારી કરીને આ સંપૂર્ણ માહિતી આપી છે. આ લાઈબેરિયન મહિલા ભારતમાં ડ્રગ્સની હેરાફેરીમાં સામેલ હોવાનો આરોપ છે. કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, લાઈબેરિયન મહિલાને રવિવારે ઈથોપિયાની રાજધાની અદીસ અબાબાથી આવ્યા બાદ દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવી હતી. નિવેદન અનુસાર, મહિલાની તલાશી દરમિયાન કસ્ટમ અધિકારીઓને એક બેગ મળી જેમાં ૧૧ કુર્તા હતા જેમાં મોટા બટન હતા. કુર્તામાં કુલ ૨૭૨ બટન હતા. કુર્તાના તમામ બટનો કાપીને તેમની પાસેથી કુલ ૯૪૭ ગ્રામ કોકેઈન મળી આવી હતી. આરોપી મહિલા પાસે લાઈબેરિયન પાસપોર્ટ હતો. તેની પાસેથી કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું અને તેની ધરપકડ કરવામાં આવી હતી.

## યુપી-બિહારમાં જુદા જુદા સ્થળે વીજળી પડવાથી ૨૭ લોકોના મોત

નવીદિલ્હી,

યુપી-બિહારમાં ચોમાસાની સક્રીયતાથી ગરમીમાં લોકોને રાહત મળી છે. સાથે સાથે યુપી અને બિહારમાં અલગ અલગ જગ્યાએ વીજળી પડવાથી કુલ ૨૭ લોકોના મોત થયા છે. ગાજવીજ સાથે મંગળવારે સાંજે ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદને પગલે જુદા જુદા ઠેકાણે વીજળી પડતા કુલ ૧૧ લોકોના મોત થયા છે. જેમાં મિર્ઝાપુરમાં ૪, વારાણસીમાં બે કિશોર સહિત બલિયા અને ભદોહીમાં બે-બે વ્યક્તિના જીવ ગયા હતા. વીજળી પડવાથી કાશી વિશ્વનાથ ધામ પરિસરમાં આવેલ માન્ધાતેશ્વર મહાદેવ મંદિરનું શિખર તૂટી પડયું હતું. વીજળી પડવાથી બિહારના ૭ જિલ્લામાં ૧૬ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં ચંપારણમાં ૪, ભોજપુર-સાટલામાં ત્રણ-ત્રણ, પશ્ચીમી ચંપારણમાં બે તથા અરરિયા, બાંકા, મુઝફ્ફરપુર અને સાટલામાં એક-એક વ્યક્તિના મોત થયા હતા. આ દુર્ઘટના પર મુખ્યમંત્રી નીતીશકુમારે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે મૃતકોના સ્વજનો માટે ચાર-ચાર લાખની સહાય જાહેર કરી હતી. હજુ પણ રાજયભરમાં વજપાતની સાથે ભારે વરસાદની આગાહી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

આઈ શ્રી ખોડીયાર બચત ધીરાણ જૂથ

તરફથી અભીનંદન....

મુ. માલવણ,
તા. કડાણા,
જી. મહીસાગર

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સંત તા.ખ.વે. સંઘ લી.

તરફથી અભીનંદન....

કડાણા
જી. મહીસાગર

## ભારતે વધુ એક એન્ટિ ટેક્ક ગાઈડેડ મિસાઈલનું પરીક્ષણ કર્યું

નવીદિલ્હી,

દુનિયામાં રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે ડીઆરડીઓએ યુદ્ધના મેદાનમાં ટેક્નોને નષ્ટ કરવા માટે સ્વદેશી એન્ટિ-ટેક્ક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. પરીક્ષણ દરમ્યાન ભારતીય સેનાએ મેઈન બેટલ ટેક્ક અર્જુનમાંથી ફાયર કરવામાં આવેલ સ્વદેશી એટીજીએમ બુલ્સ-આઈ મોકલવામાં સફળ રહી છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લેસર ગાઈડેડ એટીજીએમનું પરીક્ષણ ભારતીય સેનાના મહારાષ્ટ્રના અહમદનગરના આર્મર્ડ કોર્પ્સ સેન્ટર અને સ્કૂલની કેકે ફાયરિંગ રેન્જમાં કરવામાં આવ્યું હતું. આ કસોટી દરમ્યાન એટીજીએમએ લક્ષ્યને સીધું ફટકાર્યું અને પાઠ્યપુસ્તકની ચોકસાઈ મેળવી. આ દરમ્યાન ટેલિમેટ્રી સિસ્ટમે મિસાઈલના ઉડાન-પ્રદર્શનને સંતોષકારક રીતે રેકોર્ડ કર્યું.

ડીઆરડીઓ અનુસાર આ સંપૂર્ણ સ્વદેશી એટીજીએમ એક ઉચ્ચ વિસ્ફોટક વિરોધી ટેક્ક વોરહેડથી સજ્જ છે. જેના કારણે તે વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ આર્મર સાથે ફીટ કરાયેલી ટેક્ક અને બખ્તરબંધ વાહનોને નષ્ટ કરી શકે છે. આ એટીજીએમનું બહુવિધ પ્લેટફોર્મ પર પરીક્ષણ કરવામાં આવ્યું છે અને વર્તમાન પરીક્ષણ પણ એમબીટી અર્જુન ટાંકીની ૧૨૦ એમએમ રાઈફલ ગન સાથે કરવામાં આવ્યું હતું.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે સ્વદેશી એટીજીએમના સફળ પરીક્ષણ પર ડીઆરડીઓ અને ભારતીય સેનાને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, સ્વદેશી એટીજીએમનો વિકાસ એ દેશના સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત તરફ એક સકારાત્મક પગલું છે.

નોંધનિય છે કે, રશિયા-યુક્રેન યુદ્ધમાં મોટી સંખ્યામાં ટેક્નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ અદ્યતન એટીજીએમનો ઉપયોગ કરીને આ ટાંકીઓ પણ નાશ પામી છે. આવી સ્થિતિમાં, એટીજીએમ કોઈપણ યુદ્ધમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા જઈ રહ્યું છે. ડીઆરડીઓ અનુસાર કોઈપણ ટાંકી વડે નીચાણવાળા વિસ્તારોમાં લક્ષ્ય હાંસલ કરવું એક મોટો પડકાર રહે છે. પરંતુ એમબીટી અર્જુને સ્વદેશી એટીજીએમ દ્વારા સફળતાપૂર્વક આ સિદ્ધ કર્યું છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં પિતાએ મિલ્કત માંથી ભાગ આપ્યા બાદ પણ પુત્રએ હુમલો કરતાં ફરિયાદ

સંતરામપુર,
સંતરામપુરમાં પિતાએ પુત્રને મિલકતમાંથી ભાગ આપ્યા પછી પણ પુત્ર ફરીથી ભાગ માગવા માટે હુમલો અને મકાન પર તોડફોડ કરી. સંતરામપુર નગરના માળીવાડ વિસ્તારમાં રહેતા કચરાભાઈ જગાભાઈ માળી પોતાનો પુત્ર રાજુભાઈ કચરાભાઈ માળીને પોતાના મિલકતમાંથી રૂપિયા દસ લાખ રોકડા અને મકાન આપેલું હતું. તેમ છતાં હજુ મારે ભાગ જોઈએ છે તેમ કહીને વારંવાર માતા પિતાને માનસિક ત્રાસ આપતો હતો. અચાનક ઘરે આવીને લાકડી વડે તમે મને ભાગ કેમ નથી આપતા તેમ કહીને ઘરની અંદર ઘૂસી બારીના કાચ અને ઘરની વસ્તુને તોડફોડ કરી નુકસાન પહોંચાડેલું હતું અને પોતાના પુત્ર મા બાપને દયાનથી મારી નાખવા માટેની ધમકી આપી હતી. મજબૂર થઈને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવી આખરે પોલીસ સ્ટેશનમાં મા-બાપને પોલીસ નો સહારો લેવા મજબૂર બન્યા વારંવાર ખોટી રીતે મારી નાખવાની ધમકી આપી હતી. સમાજના ભેગા મળીને પુત્ર રાજુભાઈને મિલકતનો ભાગ આપી દેવામાં આવેલો હતો. તેમ છતાંય ભાગ માટે માતા-પિતા પર હુમલો કર્યો હતો. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી અને પૂછપરછ કરવામાં આવી હતી અને કાર્યવાહી કરવામાં આવી હતી. સંતરામપુર પોલીસ સ્ટેશનમાં માળી કચરાભાઈ જગાભાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# મહીસાગર જીલ્લામાં ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામુલ્યે છત્રી/શેડ કવર યોજનામાં લાભ લેવા અનુરોધ

મહીસાગર,
મહીસાગર જીલ્લામાં સરકારના બાગાયત ખાતા દ્વારા ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામુલ્યે છત્રી/શેડકવર પુરા પાડવા બાબત કાર્યક્રમ નવી બાબત તરીકે સરકારએ મંજુર કરેલ છે.

આ યોજનાનો લાભ ફળ-શાકભાજી-ફુલપાકો તથા નાશવંત કૃષિ પેદાશોનું રોડ સાઇડ, હાટ-બજાર, શાકભાજી બજારમાં કે છુટક વેચાણ કરતા કે લારીવાળા ફેરીયાઓ આ યોજનાનો મહત્તમ લાભ લઇ શકે તેવા ઉમદા આશયથી આઇ-ખેડૂત પોર્ટલ તા.૧૬/૦૭/૨૦૨૨ સુધી ખુલ્લુ મૂકવામા આવેલ છે. જેનો મહત્તમ વ્યક્તિઓ લાભ લઇ શકે તે માટે (www.ikhedut.gujarat.gov.in) આપેલ લિંક પર જરૂરી સાધનિક કાગળો જેવાકે આધારકાર્ડ, રેશનકાર્ડ, તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે જે તે સેજાના ગ્રામસેવક/તલાટીનો ફળ-ફુલ/શાકભાજી વેચાણ કરતા હોવા અંગેનો દાખલો અથવા શહેરી વિસ્તાર માટે ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન દ્વારા ઈસ્યુ કરેલ ફળ-ફુલ/શાકભાજી વેચાણ કરતા હોવા અંગેનું ઓળખકાર્ડ/દાખલો જેવા સાધનિક કાગળો સાથે અરજી કરવાની રહેશે તથા અરજી દિન-૭માં કચેરીએ રજુ કરવાની રહેશે.

વધુ વિગત માટે જીલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરી, સરદાર પટેલ સ્કૂલની બાજુમાં મોડાસા રોડ, ચારકોશીયા નાકા, લુણાવાડા, મહીસાગર, ફોન. (૦૨૬૭૪) ૨૫૦૪૨૫ નો સંપર્ક કરવાનો રહેશે.

# મહીસાગર જીલ્લામાં આંઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં પોષણ સાયકલ રેલી યોજવામાં આવી

લુણાવાડા,
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જીલ્લાના આઈ.સી.ડી.એસ શાખાના પ્રોગ્રામ ઓફિસર દ્વારા આયોજન કરીને જિલ્લાના કુલ-૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં કુલ-૨૧૪૨૬ કિશોરીઓએ ભાગ લઈ પોષણ સાયકલ રેલીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તમામ કિશોરીઓ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. કિશોરીઓ દ્વારા સ્લોમાં સાયકલ ચલાવીને વિજેતા થયેલા ૧ થી ૩ નંબરે આવેલ કિશોરીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકરો દ્વારા આંગણવાડી કેન્દ્રોમાંથી કિશોરીઓને અપાતા લાભો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આઈસીડીએસ ની પોષણ અને બિનપોષણ સેવાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. મહીસાગર જીલ્લામાં આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કિશોરીઓ અને આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# પંચમહાલ જિલ્લામાં સ્વ સહાય જૂથોને NRLM યોજના અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પનું કરવામાં આવ્યું આયોજન

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત બી.આર.જી.એફ હોલ ખાતે રાજ્યકક્ષાના મંત્રી જીતુભાઈ ચૌધરીની અદયક્ષતામાં અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને બેંક લોન વિતરણ કેશ ક્રેડિટ કેમ્પનું મંગલદીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તાત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ બહેનોને સમાજમાં મોભાનું સ્થાન મેળવી તે આત્મનિર્ભર બને તે દયાનમાં રાખી સરકાર દ્વારા મહિલાઓને લગતી વિવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. જેના થકી આજે બહેનો પગભર બની છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ બહેનોની હરહંમેશા ચિંતા કરી છે. તેમણે રાજ્યના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. આજે કેન્દ્ર અને રાજ્ય સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓ થકી મહિલા સશક્તિકરણને વેગ મળ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજના જેવી વિવિધ યોજનાઓ થકી રાજ્ય સમૃધ્ધ બન્યું છે તથા લોકોની સુખાકારીમાં વધારો થયો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકીએ જણાવ્યુ હતું કે પંચમહાલ જિલ્લાની બહેનોએ સરકારની યોજનાઓનો લાભ મેળવી, સ્વસહાય જુથો બનાવી સ્વનિર્ભર બની આત્મનિર્ભર ગુજરાતના અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતુ કે, આજે ગ્રામ પંચાયતથી લઈને કેન્દ્ર સરકારની તમામ વિભાગોની યોજનાઓ દ્વારા છેવાડાના વ્યક્તિ સુધી લાભ મળ્યો છે. તેમણે બહેનોને સરકારની ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે સમાજને આગળ લાવવા સહિયારા પ્રયાસોની જરૂર છે તેવું જણાવ્યું હતું.

આ કેશ ક્રેડિટ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લાના ૧૬૩ સ્વસહાય જૂથોની બહેનોને રૂપીયા ૧૩૯.૭૭ લાખના ચેકોનું મંત્રી અને મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાકીય સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.
આ પ્રસંગે સ્વાગત પ્રવચન જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક તબિયારે કર્યુ હતું જ્યારે આભાર દર્શન ડી.એલ.એમએ કર્યુ હતું.

આ અવસરે કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ,જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, સામાજીક ન્યાય સમિતીના ચેરમેન,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ/કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં સ્વસહાય જુથોની બહેનો ઉપસ્થિત રહી હતી.



# રથયાત્રા પહેલા ભગવાન જગન્નાથની નેત્રોત્સવ વિધિ કરાઈ, ભગવાનને પાટા બાંધવામાં આવ્યા

અમદાવાદ,
શહેરમાં ૧૪૫મી જગન્નાથજીની રથયાત્રા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કોરોના મહામારીને કારણે બે વર્ષથી ભક્તો વગર જ ભગવાનની રથયાત્રા કરવામાં આવતી હતી.પરંતુ આ વખતે રથયાત્રા શહેરના પરંપરાગત માર્ગ ઉપરથી પસાર થશે આ વખતે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ભગવાન જગન્નાથ બહેન સુભદ્રા અને મોટાભાઈ બલરામને મામાના ઘરેથી નિજ મંદિરમાં પરત ફર્યા હતાં અને મંદિરમાં નેત્રોત્સવ વિધિ યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નેત્રોત્સવ વિધિ દરમિયાનં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને મોટાભાઈ બળદેવનો ગર્ભગૃહમાં પ્રવેશ કરાવવામાં આવ્યા હતાં એવી લોકવાયકા છે કે, નગરના નાથ મામાના ઘર સરસપુરથી પરત જમાલપુર મંદિર આવે છે. ભગવાન જ્યારે મામાના ઘરેથી પરત આવે છે ત્યારે તેમને આંખો આવેલી હોય છે. એટલે ગર્ભગૃહમાં પ્રવેશ બાદ ભગવાનની આંખે ચંદનનો લેપ લગાવીને પાટા બાંધવામાં આવ્યા હતા.

મંદિરમાં ધ્વજા રોહણની વિધિ કરવામાં આવી હતી.હર્ષ સંઘવી દ્વારા મંગળા આરતી કરવામાં આવી હતી. આજે મંદિરમાં ધોળી દાળ (ખીર) અને કાળી રોટી (માલપુડા)નો ભંડારો યોજાયો હતો જેમાં લાખો ભાવિકોએ આ ભંડારાનો લાભ લીધો હતો સાધુ-સંતો માટે ૧૧.૩૦ કલાકે ભંડારાનું અને સંતોના સન્માનનું આયોજન કરાયું હતું જેમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યાં હતાં

રથયાત્રા પહેલા ભગવાન જગન્નાથ ૧૫ દિવસ પહેલા પોતાના મોસાળમાં જતા હોય છે. ત્યાંથી પરત નિજ મંદિરે પરત ફરે છે. મોસાળમાં ત્રણેવ ભાણેજની સારી રીતે આગતાસ્વાગતા કરવામાં આવે છે. તેમણે અનેક મિષ્ટાનો અને જાંબુ ખવડાવવામાં આવે છે. જેના કારણે તેમની આંખો આવી જાય છે. જેથી આજે ભગવાનને મંદિરમાં પ્રવેશ પછી તેમની આંખો પર પાટા બાંધી દેવામાં આવે છે. આ આખી વિધિને નેત્રોત્સવ કહેવામાં આવે છે.હવે અષાઢી બીજના દિવસે વહેલી સવારે ૪ વાગ્યે ભગવાનના આંખેથી પાટા ખોલવામાં આવશે.

હાલ સમગ્ર મંદિર પરિસરને રોશનીથી શણગારાયું છે અને ભક્તોમાં શ્રદ્ધા અને ભક્તિનો અનેરો સંગમ જોવા મળી રહ્યો છે. આ સાથે ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રાને લઈ પોલીસે ગ્રાન્ડ રિહર્સલ શરૂ કરી દીધું છે. મંગળવારે શહેર પોલીસ મોટી સંખ્યામાં વાહન સાથે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ કાલુપુર ઢાળની પોળીથી વિવિધ વિસ્તારોની સુરક્ષાની સમીક્ષા કરી.



# ગોધરા તાલુકાના કોટડા ગામની પરણિતાને સાસરીયાએ દહેજની માંગણી કરી ઘર માંથી કાઢી મૂકતા સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના કોટડા ગામે પરણિતાને સાસરીયાઓએ રોજ મેણાટોંણા મારી શારીરિક માનસીક ત્રાસ આપી તારા બાપના ઘરેથી ૧૦ તોલા સોનું અને ૨ કિલો ચાંદીના દાગીના લઈ આવ તેમ કહીને પરણિતાને ઘર માંથી કાઢી મૂકતા આ બાબતે ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા તાલુકાના કોટડા ગામે રહેતી પરણિતા અજુબેન ભરતભાઈ બારીયાને સાસરીયાઓ ભરત અરવિંદભાઈ બારીયા, અરવિંદભાઈ ભીખાભાઈ બારીયા, સુરજ અરવિંદ બારીયા, રેવાબેન ભીખાભાઈ બારીયા, કુસુમબેન અરવિંદભાઈ બારીયા કોઈપણ જાતના વાંક ગુના વગર રોજેરોજ નાની નાની વાતોમાં મેણાટોણાં મારી શારીરિક તથા માનસીક ત્રાસ આપી ગંદી ગાળો આપી મારઝુડ કરી તું અમોને ગમતી નથી. અમારા છોકરાના બીજા લગ્ન કરાવા છે. સારી સારી છોકરીઓ મળતી હતીને પાંચ થી દશ લાખ લઈને આવે તેવી છોકરીઓ મળતી હતી. પણ તું કશું જ લઈને આવી નથી. તેના પતિએ તારા બાપે કશુંય સોના ચાંદી આપેલ નથી. તારા બાપને ત્યાંથી ૧૦ તોલા સોનું અને ૨ કિલો ચાંદીના દાગીના લઈ આવ તારા છોકરા થયા બાદ ધીરાણામાં કશું આપ્યું નથી. તારા બાપ એ કાકાની જમીન પચાવી પાડેલ છે. તેમની પાસેથી પાંચ લાખ રૂપીયા લઈ આવ માટે ધંધો કરવા ઈકો ગાડી લાવવી છે. તેમ કહી તેને મારે રાખવી નથી. તેમ કહીને પરણિતાને મારમારી ઘર માંથી કાઢી મૂકી છે. આ બાબતે ગોધરા મહિલા પોલીસ મથકે સાસરીયા વિરૂદ્ધ દહેજ પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામી છે.

# મમતા બેનર્જીએ ફરી એકવાર અગ્નિપથ યોજના પર સવાલ ઉઠાવી અગ્નિવીરોને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ગણાવ્યા

કોલકતા,
પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ફરી એકવાર અગ્નિપથ યોજના પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે અગ્નિવીરોને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ગણાવ્યા છે. સાથે જ તેમને નોકરીમાં પ્રાથમિકતા આપવાનો પણ ઈનકાર કરવામાં આવ્યો છે. તેમણે આ જવાબ કેન્દ્ર તરફથી મળેલા પત્રના જવાબમાં આપ્યો છે. આ પહેલા પણ સીએમ બેનર્જી ભાજપ પર અગ્નિપથ યોજના દ્વારા સશસ્ત્ર કેડર બનાવવાનો આરોપ લગાવી ચુક્યા છે.



એક કાર્યક્રમ દરમિયાન સીએમ બેનર્જીએ કહ્યું, 'મને એક પત્ર (કેન્દ્ર તરફથી) મળ્યો છે જેમાં તેમણે રાજ્ય સરકારને ૪ વર્ષ પછી અગ્નિવીરોને નોકરી આપવાની અપીલ કરી છે. તેઓ ઈચ્છે છે કે હું ભાજપના કાર્યકરોને નોકરી આપુંપ આપણે આવું શા માટે કરીએ?પ રાજ્યના યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.

આ પહેલા પણ સીએમ બેનર્જીએ અગ્નિપથ યોજના પર ભાજપ પર નિશાન સાધ્યું હતું. કેન્દ્રના પત્ર અંગે તેમણે કહ્યું હતુ કે, 'આર્મ્ડ ફોર્સના એક કર્નલ તાજેતરમાં મને આ વિનંતી સાથે એક પત્ર મોકલ્યો હતો. પણ આપણે ભાજપની ડસ્ટબીન કેમ સાફ કરીએ? જ્યારે કેન્દ્ર ચાર વર્ષ પછી તેમને મુક્ત કરશે, ત્યારે રાજયએ તેમને સંપૂર્ણ કાર્યકાળની નોકરી આપવાની જવાબદારી શા માટે લેવી જોઈએ? તેઓ ૬૦ વર્ષ પૂરા કરે ત્યાં સુધી તેમને સૈનિક તરીકે પૂર્ણ કાર્યકાળ આપવાની જવાબદારી કેન્દ્ર શા માટે નથી લેતું?'

તૃણમૂલ કોંગ્રેસના વડા બેનર્જીએ અગ્નિપથ યોજનાને મત મેળવવા અને ગુંડાઓ અને કેડર બનાવવા માટે ભાજપની 'લોલીપોપ' ગણાવી હતી. એસેમ્બલીમાં પોતાના સંબોધનમાં બેનર્જીએ કહ્યું, "અગ્નિપથ વાસ્તવમાં બીજેપી કેડર નિર્માણનો પ્રોજેક્ટ છે. એ અલગ વાત છે કે કેન્દ્ર યુવાનોને કાયમી નોકરી આપે છે, પરંતુ અગ્નિપથ વાસ્તવમાં ચાર વર્ષની લોલીપોપ છે. ચાર વર્ષ પછી તેમને બંદૂકનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે અને તે પછી તેઓ શું કરશે? જો એમ હોય તો ભાજપ યુવાનોને છેતરે છે!'

"અગ્નવીર' નામ એવા લોકોને આપવામાં આવી રહ્યું છે જેમની યોજના હેઠળ ભરતી કરવામાં આવશે અને તેઓ ભાજપ માટે મત લૂંટશે," તેમણે કહ્યું. સરકારે સશસ્ત્ર દળોમાં ભરતી માટે અગ્નિપથ યોજનાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત સેનામાં સામેલ થનારાઓને અગ્નિવીર કહેવામાં આવશે.

# ભારતમાં તાલિબાની માનસિકતાને જગ્યા નહિ આપીએ : અજમેર દરગાહના પ્રમુખ

જયપુર,
ઉદયપુરમાં એક દરજીની ધોળે દિવસે હત્યાએ સમગ્ર દેશને હચમચાવી મૂક્યો છે. સહુ કોઈ આ ઘટનાની નિંદા કરી રહ્યા છે. ઉદયપુર હત્યાકાંડ બાદ હવે અજમેર દરગાહ દીવાન જૈનુલ આબેદિન અલી ખાનની પ્રતિક્રિયા પણ આવી છે. આ ઘટનાની નિંદા કરતા તેમણે કહ્યુ કે ભારતના મુસ્લિમો દેશમાં ક્યારેય તાલિબાની માનસિકતા સામે આવવા દેશે નહિ. ઉદયપુરમાં બે માણસોએ એક દરજીની હત્યા કરી અને એક વીડિયો ઑનલાઈન પોસ્ટ કર્યો કે તેઓ ઈસ્લામના અપમાનનો બદલો લઈ રહ્યા છે.

જૈનુલ આબેદિન અલી ખાને એક નિવેદનમાં કહ્યુ, 'કોઈ પણ ધર્મ માનવતા વિરુદ્ધ હિંસાને પ્રોત્સાહન આપતો નથી. તમામ ઉપદેશો, ખાસ કરીને ઈસ્લામ ધર્મમાં, શાંતિના સ્રોત તરીકે સેવા આપે છે.' તેમણે કહ્યુ કે, 'ઈન્ટરનેટ પર સામે આવેલા ભયાનક વીડિયોમાં અમુક બિન-નૈતિક માનસિકતાઓએ એક ગરીબ પર નિર્દયતાથી હુમલો કર્યો. જેને ઈસ્લામિક દુનિયામાં પાપ ગણવામાં આવે છે. આરોપીઓ કેટલાક કટ્ટરવાદી જૂથોનો ભાગ હતા જે હિંસા દ્વારા ઉકેલ શોધે છે.

તેમણે વધુમાં કહ્યુ, 'હું આ કૃત્યની સખત નિંદા કરુ છુ અને સરકારને વિનંતી કરુ છુ કે તેઓ તેમની સામે કડક કાર્યવાહી કરે. ભારતના મુસ્લિમો ક્યારેય તાલિબાની માનસિકતાને આપણી માતૃભૂમિમાં સામે આવવા દેશે નહિ.' વળી, જમિયત ઉલેમા-એ-હિંદના મહાસચિવ મૌલાના હકીમુદ્દીન કાસમીએ પણ હત્યાની નિંદા કરી હતી. તેમણે એક નિવેદનમાં કહ્યુ કે, 'જેણે પણ આ ઘટનાને અંજામ આપ્યો છે તેને કોઈપણ રીતે ન્યાયી ઠેરવી શકાય નહિ, તે દેશના કાયદા અને આપણા ધર્મની વિરુદ્ધ છે.' હત્યાના આરોપમાં રિયાઝ અખ્તારી અને ઘોસ મોહમ્મદ તરીકે ઓળખાતા બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. એક વીડિયો ક્લિપમાં અખ્તારીએ જાહેરાત કરી હતી કે તેણે એ વ્યક્તિનુ માથુ કાપી નાખ્યુ છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ ધમકી આપી હતી. આડકતરી રીતે, હુમલાખોરોએ પયગંબર મોહમ્મદ પર ટિપ્પણી કરવા બદલ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયેલા ભાજપ નેતા નુપુર શર્માનો પણ ઉલ્લેખ કર્યો હતો. દરજી કન્હૈયા લાલની તાજેતરમાં સ્થાનિક પોલીસે સોશિયલ મીડિયા પર કરેલી કેટલીક ટિપ્પણીઓ બદલ ધરપકડ કરી હતી.

# કોન્ટ્રાક્ટરે ૩૪% વધુ ભાવે ૫૩૬ કરોડનો રોડ કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ પણ ૨૬ કરોડનો વધારો માંગ્યો

અમદાવાદ,
એએમસીમાં કોન્ટ્રાક્ટરે અંદાજીત ભાવ કરતા ૩૪% વધુ ભાવે રૂ.૫૩૬ કરોડનો રોડ કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ પણ રૂ.૨૬ કરોડ વધારાની ગેરવ્યાજબી માંગણી કરી છે. જેનો કોંગ્રેસે વિરોધ કર્યો છે. રોડ પ્રોજેક્ટના ૩૦ માંથી ૨૮ કામનો કોન્ટ્રાક્ટ એક જ કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો છે. આ કોન્ટ્રાક્ટર પર ભાજપ સરકાર અને અધિકારીઓ મહેરબાન છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા શેહઝાદખાન પઠાણે જણાવ્યુ કે, અલગ અલગ ઝોન તથા રોડ પ્રોજેક્ટના R.K.C ઈન્ફ્રાબીલ્ટ પ્રા.લી.ને રૂ.૫૩૬.૦૩ કરોડના રોડ કોન્ટ્રાક્ટ અંદાજીત ભાવ કરતા ૩૪% વધુ ભાવે તા.૩૦.૦૧.૨૦૨૦ના રોજ આપવામા આવ્યા હતા. આ વાર્ષિક કોન્ટ્રાક્ટમાં સેન્ટ્રલ વર્જ કર્બ, ફુટપાથ કર્બ તેમજ રબર મોલ્ડ પેવર બ્લોક નાખવાના કામોનો સમાવેશ થયો હતો. વાર્ષિક કોન્ટ્રાક્ટ અંદાજીત ભાવ કરતા ૩૪% વધુ ભાવે અપાયા હોવા છત્તા આર કે સી ઈન્ફ્રાબીલ્ટ પ્રા.લી. દ્વારા એક્સ્ટ્રા આઈટમના નામે ૨૬ કરોડનો ભાવ તફાવત માંગવામા આવ્યો છે. જેના માટે પીએમસી કીસ્ટોન ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.નો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. સેન્ટ્રલ વર્જ કર્બ માટે રૂ.૧૧૮૯ રનીંગ મીટર, ફુટપાથ કર્બ માટે રૂ. ૧૦૨૨ રનીંગ મીટર, રબર મોલ્ડ પેવર માટે રૂ.૭૫૦ ચો.મીટરનો ભાવ વધારો મંજુર કરવાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો. આ અંગે ભાવ વધારાની દરખાસ્ત મુકવામા આવી છે. આ ભાવ તફાવત પ્રમાણે ૨૬ કરોડ વધુ ચૂકવવાના થાય છે. કોન્ટ્રાક્ટર દ્વારા કરવામા આવતા મોટા ભાગના કામો હજુ સુધી અધુરા છે. એક જ કોન્ટ્રાક્ટર R.K.C ઈન્ફ્રાબીલ્ટ પ્રા.લી.ને ૯૦ ટકા જેટલા કામો આપવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણી કરવામા આવે છે કે આ સમગ્ર પ્રકરણની યોગ્ય તપાસ કરવામા આવે.

## આપની આજ.......

મેષ : આજે આર્થિક પક્ષ મજબૂત રહેશે. સાથે જ તમારા ધન, સન્માન અને યશ-કીર્તિમાં વધારો થશે. રોકાયેલું કાર્ય સિદ્ધ થશે. આજે સાંજે કોઈ મિત્ર સાથે મુલાકાત તમારા બધા બગડેલા કામો બનાવી દેશે.

વૃષભ : વૃષભ રાશિવાળા માટે આજનો દિવસ સુખદ છે. રાજકીય ક્ષેત્રમાં આજે ઘણી સફળતા મળવાના યોગ છે. સંતાન પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો, રોકાયેલું કાર્ય પૂરું થશે.

મિથુન : મિથુન રાશિના જાતકોને બીજાની મદદ કરવાથી આનંદ મળે છે. આજે તમારો દિવસ પરોપકારમાં જ પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં થોડું પરિવર્તન થઈ શકે છે, તેનાથી પરેશાન થઈ સાથીઓનો મૂડ થોડો ખરાબ થઈ શકે છે.

કર્ક : આ રાશિના જાતકો માટે આજે ગૃહપયોગી વસ્તુઓ પર ધન ખર્ચનો યોગ છે. સાંસારિક સુખભોગના સાધનોમાં વૃદ્ધિ થશે. તમારી નીચેના કર્મચારી કે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. રૂપિયાની લેણ-દેણમાં સાવધાની રાખજો, ધન ફસાઈ શકે છે.

સિંહ : સિંહ રાશિવાળા માટે આજનો દિવસ સુખદ છે. આજે પરિવારજનો સાથે હાસ્ય-વિનોદમાં આખો દિવસ પસાર થશે. બપોર સુધીમાં કોઈ શુભ સમાચાર પણ મળશે. તે સંતાન સંબંધી પણ હોઈ શકે છે.

કન્યા : આજે વ્યાવસાયિક ક્ષેત્રમાં મનને અનુકળ લાભ થવાથી પ્રસન્નતાનો અનુભવ થશે. આજની આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ સુદ્રઢ હશે. વ્યવસાય પરિવર્તનની યોજના બની રહી છે તો તમને લાભ મળશે.

તુલા : વ્યાવસાયિક યોજનાઓને ગતિ મળશે. માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. ધ્યાન રાખજો કે આજે ઉતાવળ અને ભાવુકતામાં લેવાયેલા નિર્ણય ભવિષ્યમાં તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

વૃશ્ચિક : વૃશ્ચિક રાશિના જાતકોને આજે કર્મોદ્યોગમાં તત્પરતાથી લાભ થશે. સ્વજનોથી સુખ, પારિવારિક મંગળ કાર્યોથી ખુશી મળશે. રચનાત્મક કાર્યોમાં મન લાગશે. પરંતુ, વિપરીત પરિસ્થિતિ ઉત્પન્ન થવા પર ક્રોધ પર કાબુ રાખજો, નહીં તો વાત બગડી પણ શકે છે.

ધનુ : આજે ધન રાશિના જાતકોને પિતાના આશીર્વાદ તથા ઉચ્ચઅધિકારીઓની કૃપાથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ પ્રાપ્તિની ઈચ્છા પૂરી થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ વ્યયથી બચજો. સાંજના સમયથી લઈને રાત સુધી વાહન ચલાવવામાં સાવધાની રાખજો.

મકર:આજે કોઈ સંપત્તિની લે-વેચ સમયે તેની બધી કાયદાકીય બાજુઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો. રોકાણ કરવાનું હોય તો પણ કોઈ જાણકારની સલાહ ચોક્કસ લેજો, જેથી તમને કોઈ પ્રકારનું નુકસાન ન થાય. સાસરી પક્ષ સાથે વાદ-વિવાદનો યોગ બની રહ્યો છે.

કુંભ : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં ખાસ ઉપલબ્ધિના યોગ છે. આવકના નવા સ્રોત ઊભા થશે. કાર્યક્ષેત્રમાં તમારી વાણી તમને વિશેષ સન્માન અપાવશે.

મીન : આજે મીન રાશિના જાતકોનું લગ્ન જીવન આનંદદાયક વીતશે. આજે નજીક કે દૂરની સકારણ યાત્રા પણ થઈ શકે છે. વ્યવસાયમાં પ્રગતિ થવાથી મન ઘણું પ્રસન્ન રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બોદ્ધિક ભારથી છૂટકારો મળશે. સંધ્યાકાળે કોઈ મહત્વની જાણકારી મળી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં રીંછની સંખ્યામાં નોંધપાત્ર વધારો, અહીં જોવા મળતા સ્લોથ બીયરની સંખ્યા ૧૨૨ થઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લો આગવી વનસંપદા ધરાવે છે. અહીં ઠેર ઠેર વિખરાયેલું કુદરતી સૌંદર્ય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. અહીંના વન વિભાગ દ્વારા આ કુદરતી સંપત્તિનું ખાસ જતન કરાય છે. જેથી અહીંની વનસંપદા જળવાઈ રહી છે અને વન્ય પ્રાણીઓને નૈસર્ગિક વાતાવરણ મળતા તેમની સંખ્યામાં પણ વધારો થયો છે. અહીં જોવા મળતા રીંછની પ્રજાતિ સ્લોથ બીયરની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

બારિયા વન વિભાગના નાયબ વન સંરક્ષક (આઈએફએસ) આર.એમ. પરમાર જણાવે છે કે, અહીં જોવા મળતા સ્લોથ બીયરની સંખ્યા વધીને ૧૨૨ જેટલી થઈ છે. દાહોદ જિલ્લો અંદાજિત ૮૮ હજાર હેકટર જેટલો વન વિસ્તાર ધરાવે છે. વન વિભાગ વનોના સંરક્ષણ તેમજ વન્ય પ્રાણીઓના સંરક્ષણમાં સતત પ્રયત્નશીલ છે. જેના પરિણામે દાહોદ જીલ્લામાં સતત રીંછની સંખ્યા ઉત્તરોતર વધી રહી છે.

તેઓ જણાવે છે કે, વનવિભાગ દ્વારા રીંછોની વસ્તી ગણતરી દર ચાર વર્ષે થાય છે. જેમાં ખાસ પદ્ધતિને અનુસરવામાં આવે છે. બારીઆ વન વિભાગ બારીયા તેમજ સાગટાળા રેન્જ વિસ્તારમાં રીંછની સંખ્યા સતત વધી રહી છે. આ જુન મહીનામાં કરવામાં આવેલી રીંછની વસ્તી ગણતરીમાં જોવા મળ્યું કે બારીઆ રેન્જના વિવિધ વિસ્તારોમાં રીંછની અંદાજિત સંખ્યા ૭ થઈ છે. જયારે સાગટાલા રેન્જ વિસ્તારમાં રીંછની અંદાજિત સંખ્યા ૪૫ જેટલી જણાઈ આવી છે. તેમજ રતનમહાલ રીછ અભ્યારણમાં રીંછની અંદાજિત સંખ્યા ૭૦ હોવાનું જણાયું છે. આમ રીંછોની સંખ્યા અંદાજે ૧૨૨ જેટલી થઈ છે. જે ખૂબ સારા સંકેત છે.

વન વિભાગ દ્વારા રહેઠાણ સુધારણા હેઠળ કુદરતી પાણીના સ્ત્રોતનું નવીનીકરણ, કૃત્રિમ પાણીના પોઈન્ટ તેમજ રીંછના ખોરાક માટે ફળાઉ જાતોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેના પરિણામે રીંછોની સંખ્યામાં વધારો થયો છે.

રીંછ એ મિશ્રાહારી પ્રાણી છે. કીડીઓ, ઉધઈ, કીટકો, મધ તેમજ જાંબુ, આંકલ બોર, ગરમાલાની શીંગો વગેરેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. રીંછ જંગલમાં અલગ અલગ સમયે થતા ફળો નો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. જુલાઈ મહિના પછી જંગલમાં ફળો ન હોય ત્યારે કીડા,મંકોડા તથા ઉધઈ ખોરાક તરીકે લે છે. ચોમાસામા ખેતરમા મકાઈ ડોડા પણ ખાય છે. મધ રીંછનો પ્રિય ખોરાક છે. ભાગ્યે જ માંસ ખાય છે.

રીંછ માટે જૂન અંત કે જુલાઈ શરૂઆતનો મહિનો પ્રજનનકાળનો સમય હોય છે. ગર્ભકાળ સમય સાત મહિનાનો હોય છે. ગર્ભ ધારણ કર્યાના સાત મહિના પછી એટલે કે માદા રીંછ ડિસેમ્બર, જાન્યુઆરી મહિનાની આસપાસ બે જેટલા બચ્ચાંને જન્મ આપે છે.

સામાન્ય રીતે રીંછ માનવ પર હુમલો કરતો નથી. પણ સ્વબચાવમાં કે બચ્ચા સાથે હોય ત્યારે હુમલાના બનાવ બનતા હોય છે. હડકાયું થઈ જાય ત્યારે જીવલેણ હુમલો કરે છે. પ્રજનન સમયે અને બચ્ચા સાથે હોય ત્યારે વધુ આક્રમક હોય છે.

# દાહોદના IB વિભાગના સસ્પેન્ડ PSIએ ઝેરી દવા પી જતાં હોસ્પિટલમાં દાખલ કરાયા



દાહોદ,

દાહોદમાં આજરોજ એક સસ્પેન્ડ આઈ.બી. વિભાગના પી.એસ.આઈ.એ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં તેઓને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

ભુજના આઈ.બી. પોલીસ મથકે ફરજ બજાવતાં અને હાલ દાહોદ ખાતે રહેતાં ભુજથી સસ્પેન્ડ થઈ આવેલા સુનીલ વૈષ્ણવ નામક પી.એસ.આઈ.એ દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે આવેલ હેલીપેડ ખાતે અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં તેઓની હાલત અત્યંત ગંભીર બની હતી અને આસપાસના લોકો દ્વારા પોલીસનો સંપર્ક સાંધતાં પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સુનીલભાઈ વૈષ્ણવને લઈ પોલીસ દાહોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે પોલીસનો કાફલો પણ દોડી ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર, હાલ સસ્પેન્ડ પી.એસ.આઈ. સુનીલ વૈષ્ણવની તબીયત સુધારામાં છે.

# દાહોદ શહેર ભાજપ દ્વારા વેપારી સેલની બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર ભાજપ દ્વારા આજે વેપારી સેલની બેઠક આજે તારીખ ૨૯/૦૬/૨૦૨૨ ના રોજ ભાજપ ગુજરાત પ્રદેશ વ્યાપાર સેલના કનવિનર વિજયભાઈ પુરોહિતના અધ્યક્ષ સ્થાને તેમજ બીપીનભાઈ ઓઝા તથા જિલ્લા વ્યાપાર સેલના પ્રભારી પરેશ પરીખની પ્રેરક ઉપસ્થિતિમાં બપોરે ૧૨.૩૦ કલાકે એપીએમસી માર્કેટના હોલ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં દાહોદ એ.પી.એમ.સી. ના સભાખંડમાં રાખવામાં આવી હતી. આ બેઠકમાં દાહોદના APMC વાઈસ ચેરમેન કૈલાશ ખંડેલવાલ દ્વારા વિજય પુરોહિતનું સ્વાગત કર્યું હતું. વેપારી અગ્રણી શ્રેયસ શેઠ દ્વારા પરેશ પરીખની સ્વાગત કરવામાં આવ્યું હતું અને વિજય શાહ દ્વારા બિપીન ઓઝાનું સ્વાગત કર્યું હતું. ત્યારપછી વેપારી મંડળના વેપારીઓ દ્વારા મહેમાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાર પછી આ બેઠકમાં વેપારીઓ ને જે પ્રશ્નો નડતા હોય તેની રજૂઆત કરવાનું કહ્યું હતું. APMC ડિરેક્ટર ઈકબાલ ખરોડવાલાએ સમસ્યા વિશે જણાવતાં કહ્યું હતું કે, કોઈપણ નવા એમન્ડમેંડ આવે તેની અમને જાણ કરવામાં આવતી નથી અને GST બાબતે જે ૫% ટેક્સ બ્રાન્ડેડ લાર્જ સ્કેલને લાગુ પડે છે. તેજ હવે ગઈકાલે નિર્ણય લેવાયો કે આ ૫% સ્મોલ અને મીડિયમ સ્કેલ ઈન્ડસ્ટ્રીને લાગુ કર્યો છે. તે આ ઈન્ડસ્ટ્રીને ખુબ મોટું નુકશાન થશે અને બેકારી પછી થવા માંડશે અને ઈન્સ્ટન્ટ પાંચ ટકા ઈન્ફલેશન તો તરત વધી ગયું. GST અને IT માં સિમ્પ્લીફિકેશન જરૂરી છે અને લોકોને પોતાના રૂપિયા રિટર્ન લેવાના છે. તે સમયસર મળવા જોઈએ. વેપારીઓ એક પ્રકારના માધ્યમ છે અને સરકાર થોડું નાના અને મધ્યમ વેપારીઓને સરકાર સહકાર આપશે તોજ આ બધા વેપારીઓ ટકી શકશે. ફેડરેશન ઓફ દાહોદ ઈન્ડસ્ટ્રીસના પ્રમુખ પ્રશાંત દેસાઈ એ પણ ઈન્ડસ્ટ્રીઝ લાગતી મુસીબતો અને તકલીફોની રજૂઆત કરી ઘટતું કરવા માટે સૂચનો કર્યા હતા. આ તમામ રજૂઆતો અને સૂચનો નોંધી વેપારી સેલના પ્રદેશ માંથી પધારેલા મહાનુભાવો એ વેપારીઓની લાગણી જેતે યોગ્ય જગ્યા પહોંચાડી અને તેમાં ઘટતું કરવાની બાંહેધરી આપી હતી.


૨૩ જૂન, ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે સેવા સપ્તાહ અંતર્ગત દાહોદ જિલ્લાના દાહોદ નગર યુવા મોરચા દ્વારા આયોજીત રકતદાન શિબિર દાહોદ શહેર ખાતે. આ કાર્યક્રમમાં જિલ્લા યુવા મોરચા પ્રમુખ મોહિતભાઈ ડામોર, જિલ્લા યુવા મોરચાના પ્રભારી દિવ્યપાલસિંહ સોલંકી, જિલ્લા યુવા મોરચાના મહામંત્રી અલયભાઈ દરજી તથા રાહુલભાઈ રાવત, દાહોદ નગર યુવા મોરચાના પ્રમુખ હાર્દિકભાઈ બારીયા, દાહોદ નગર યુવા મોરચાના મહામંત્રી દર્શીશભાઈ દિવાકર તથા સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# ઝાલોદના ડબગરવાસની પરણિતા દહેજના માટે મારઝુંડ કરતાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં હાલ પોતાના પિયરમાં રહેતી અને વડોદરા ખાતે લગ્ન કરેલ પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપી પતિ દ્વારા મારઝુડ કરતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ઝાલોદ પિયર મુકામે આવી પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂદધ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ઝાલોદ નગરના મણીબેન હાઈસ્કુલની સામે ડબગરવાડા ખાતે રહેતી દિવ્યાબેન મણીલાલ પરમારના લગ્ન તારીખ ૦૨.૦૨.૨૦૧૨ના રોજ વડોદરા વઘોડીયા મુકામે રહેતાં મિહીર સુંદરલાલ ટેલર સાથે સમાજના રીતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પરણિતા દિવ્યાબેનને પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂ રાખ્યાં બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને પરણિતા દિવ્યાબેનને પતિ મિહીરભાઈ દ્વારા બેફામ ગાળો બોલી અવાર નવાર મારકુટ કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતો હતો અને તું મારા ઘરમાંથી નીકળી જા, મારે તને રાખવી નથી, તું મને ગમતી નથી, મારે તને છુટાછેડા આપી દેવાના છે અને મારા ઘરમાં રહેવું હોય તો તારા બાપાના ઘરેથી પૈસા લઈ આવ તેમ કહી અવાર નવાર હેરાન પરેશાન કરતો હતો અને સાસરીપક્ષના સુંદરલાલ ચગનલાલ, વિણાબેન સુંદરલાલ, શિતલબેન પિયુષકુમાર છત્રીવાલા અને રીપલબેન રીતેશકુમાર છત્રીવાલાનાઓએ પણ હેરાન પરેશાન કરતાં હતા. ત્યારે એક દિવસ પરણિતા દિવ્યાબેનને પતિ તથા સાસરીયાઓ દ્વારા પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં દિવ્યાબેન પોતાના પિયર આવી પહોંચી હતી અને આ સંબંધે પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂદધ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના ગામડી ગામે ઉછીના પૈસા બાબતે ઝગડામાં ચાકુ થી હુમલો કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગામડી ગામે ઉછીના નાણાં મામલે થયેલ ઝઘડા તકરારમાં એકે ચાકુના ઘા છાતીના ભાગે મારી લોહી લુહાણ કરી ગડદાપાટ્ટુનો માર મારી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૮મી જુનના રોજ ઝાલોદ તાલુકાના ગામડી ગામે મહુડા ફળિયામાં રહેતાં રમણભાઈ મગનભાઈ ડામોરે ઝાલોદ તાલુકાના થેરકા ગામે થેરકી ફળિયામાં રહેતાં અલ્કેશભાઈ માનસીંગભાઈ મછારને બેફામ ગાળો બોલી કહેલ કે, તું અહીંયા પૈસા લેવા આવ્યો છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને અલ્કેશભાઈને ચાકુના ઘા છાતીના ભાગે મારી ગડદાપાટ્ટુનો માર મારી લોહી લુહાણ કરી નાંખી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અલ્કેશભાઈ માનસીંગભાઈ મછારે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


દાહોદ શહેરમાં ૧૫ મી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આગામી તા ૧ ના રોજ નીકળનારી હોય જેને લઈને પોલીસ તંત્ર દ્વારા રથયાત્રાના રૂટ પર ફ્લેગ માર્ચ યોજાયો હતો. જેમાં દાહોદ જિલ્લાના ડીએસપી, ડીવાયએસપી, એએસ પી તથા તેમના સાથે ભગવાન જગન્નાથજી રથયાત્રા સેવા સમિતિના સભ્યો સાથે યાત્રાના રૂટ પર ફ્લેગ માર્ચ યોજાયો હતો.

# ગરબાડાના બોરીયાળી ગામના SRP જવાનનું લાંબી માંદગીના બાદ નિધન


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના બોરીયાળી ગામના એસઆરપી ગૃપ પાવડી ખાતે ફરજ બજાવતા બીલવાળ કમલેશભાઈ માનસિંગભાઈ છેલ્લા બે મહિનાથી બીમાર હતા અને તેઓની હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હતી. જેમાં ગત રોજ લાંબી માંદગીના કારણે નિધન થયું હતું. જે નિધનના સમાચાર સાંભળીને એસ.આર.પી ગૃપ પાવડીમાં ગમગીની છવાઈ ગઈ હતી. જેઓને આજ રોજ ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમક્રિયા તેઓના વતન બોરિયાળી ગામ ખાતે કરવામાં આવી હતી.

# દાહોદ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ અનોખી પહેલ



દાહોદ,

હાલ આપણા દેશમાં ''આઝાદીના અમૃત મહોત્સવ''ની ઉજવણી અલગ અલગ રીતે ચાલી રહી છે. ત્યારે પોસ્ટ વિભાગના મેનેજર નિલેશભાઈ બઠા સાથે સંકલન કરી ''સુકન્યા સમૃદ્ધિ યોજના'' ના ૭૫ દીકરીઓના રૂ.૨૫૦/થી ખાતા ખોલવી દીકરીઓને અનોખી ભેટ આપવાનો સંકલ્પ કર્યો હતો. તે અંતર્ગત આજરોજ ઠક્કરબાપા સ્કૂલમાં અભ્યાસ કરતી ૨૮ દીકરીઓના ખાતા ખોલાવીને પાસબુક વિતરણનું આયોજન કરવામાં આવ્યું.

સરકારની યોજના સાથે સમાજ જોડાય ત્યારે જ યોજના સફળ થાય છે. ત્યારે તેઓએ સ્વૈચ્છિક સંસ્થાઓને પણ આવા જરૂરિયાતમંદ લોકો માટે જોડાય તેવી પણ અપીલ કરી છે અને સંકલ્પ પણ કર્યો છે કે ચૂંટાયેલા ૫ પોતાના વિસ્તારમાં આ કામગીરી કરશે અને દીકરીઓને આ યોજનાનો લાભ અપાવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દાહોદ જિલ્લાના પ્રભારીબેન હંસા કુંવરબા, દાહોદ શહેરના પ્રભારી ભરતસિંહ બાપુ, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ, મહામંત્રી અર્પિલભાઈ તથા તમામ કાઉન્સીલરો ઉપસ્થિત રહ્યા તથા શાળાના પરિવારનો પણ ખુબ આભાર માન્યો.

# સીંગવડના અગારા ગામે યુવતિ સાથે ફોન પર વાત કરવા મામલે યુવકને થાંભલા સાથે બાંધી મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના અગારા ગામે યુવતી સાથે ફોન ઉપર વાત કરવા મામલે થયેલ ઝઘડા તકરારમાં મહિલા સહિત ૬ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી યુવકના ઘરે આવી એકને થાંભલા સાથે બાંધી દઈ ગડદાપાટ્ટુનો માર મારી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૨૭મી જુનના રોજ સીંગવડ તાલુકાના અગારા માળ ફળિયામાં ફળિયામાં રહેતાં પર્વતભાઈ સળીયાભાઈ રાવત, ભરતભાઈ સબુરભાઈ રાવત, સબુરભાઈ ફતાભાઈ રાવત, શારદાબેન પર્વતભાઈ રાવત, પંકજભાઈ પર્વતભાઈ રાવત અને ધવલભાઈ પર્વતભાઈ રાવતનાઓ પોતાના ગામમાં રહેતાં કીરણભાઈ સરતનભાઈ વસૈયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારી છોકરી સાથે તુ કેમ ફોન ઉપર વાતો કરે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કીરણભાઈને થાંભલા સાથે બાંધી ગડદાપાટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કીરણભાઈ સરતનભાઈ વસૈયાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં ફરીવાર ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી કોરોના કેસો શુન્ય આવતાં હતાં ત્યારે આજરોજ કોરોના ૦૩ કેસો નોંધાંતા ફરીવાર દાહોદ જિલ્લામાં કોરોનાએ દસ્તક દીધી છે. અગાઉ એક કોરોના પોઝીટીવ કેસ સાથે દાહોદ જિલ્લામાં એક્ટીવ કેસની કુલ સંખ્યા ચાર થઈ જવા પામી છે.

દાહોદ જિલ્લામાં કોરોના કેસોમાં છેલ્લા ઘણા મહિનાઓથી એક પણ કોરોનાનો પોઝીટીવ કેસ નોંધાંયો ન હતો. ચોમાસાની ઋતુ સાથે કોરોના જાણે ફરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ગુજરાતના અન્ય રાજયામાં કોરોના કેસો વધી રહ્યાં છે. ત્યારે દાહોદ જિલ્લામાં આજે એકસાથે ૦૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાંતા આરોગ્ય તંત્ર દોડતુ થયું છે. અગાઉ એક કોરોના પોઝીટીવ કેસ નોંધાંયો હતો. તેની સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ આંકડો ૦૪ને પાર થઈ ગયો છે. આજના પોઝીટીવ કેસમાંથી ૦૨ દાહોદ અર્બન વિસ્તારમાંથી અને એક ધાનપુરમાંથી સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો અત્યાર સુધીનો કુલ આંકડો ૮૫૩૧ને પાર થઈ ગયો છે.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

આનંદી અને આહાર સંસ્થા દ્વારા ખેડા ફળીયા સિંગોર પ્રા.શાળાના ૨૧૨ બાળકોને નોટ, કંપાસ, પેન અને દેશી હિસાબ આપવામાં આવ્યા. આ સહાયમાં ભગીરથ પ્રયાસ કરનાર નિકુંજભાઈ સોની, સી.ટી.સી. કાર્યકર લક્ષ્મીબેન અને કાર્યકર સંગીતાબેનનો શાળા પરિવાર ખુબ ખુબ આભાર માને છે.

# એહમદ પટેલની રાજ્યસભાની ચૂંટણી સમયે મને ૪૦ કરોડની ઓફર હતી : હર્ષદ રીબડીયા

જૂનાગઢ,

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. થોડા દિવસ પહેલા ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના કદાવર નેતા અને ધારાસભ્ય કોંગ્રેસ છોડવાની તૈયારીમાં છે તેવા એક સમાચાર વહેતા થયા હતા. પરંતુ જૂનાગઢમાં એક બેઠક દરમિયાન કોંગ્રેસ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ ખુલાસો કરીને મોટું નિવેદન આપ્યું છે.

કોંગ્રેસ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ જૂનાગઢમાં મળેલી એક બેઠકમાં હુંકાર કરીને ભાજપને મૂંહતોડ જવાબ આપ્યો છે. તેમણે હુંકાર કરતા જણાવ્યું છે કે, મારી ભાજપમાં જોડાવાની વાત અફવાહ માત્ર છે. વિસાવદર તાલુકાના ભલગામે એક કાર્યક્રમમાં ભાજપમાં જોડાવાનો સ્પષ્ટ ઈકાર કરીને તેમણે અફવાહ પર પૂર્ણવિરામ મૂક્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.261

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## છેલ્લા ૩ વર્ષથી પંચમહાલ જીલ્લામાં

# મારું શું...? અને મારે શું...? તેવા અધિકારીઓના વલણ સામે નારાજગી વ્યકત કરતાં ગોધરાના ધારાસભ્ય

ગોધરા,

મારું શું ? અને મારે શું ? તેવા વલણ સાથે છેલ્લા ૩ વર્ષથી બેફામ વહીવટ ચલાવનાર અધિકારીઓ વિરૂદ્ધ ગોધરામાં ક્રેડીટ લોન કેમ્પમાં રાજ્ય સરકારના મંત્રી જીતુભાઈની વિશેષ ઉપસ્થિતીમાં ધારાસભ્ય સી.કે. રાઉલજીએ બળાપો વ્યકત કરતાં એક તબકકે કહેવાતા ટોપીધારી શિર્ષસ્ત નેતાગીરી મોં છુપાવવા લાગ્યા હતા. એટલું જ નહીં છેલ્લે મંચસ્ત નેતાઓ આવા વહીવટદારોને હાથ તાળી આપીને છુટા પડતાં ભાજપની શિસ્તના લીરેલીરા ઉડયા હતા. આ કાર્યક્રમ બાદના પડઘા પક્ષના કાર્યકરોમાં ઘણો છુપો ગણગણાટ વ્યાપ્યો છે. અને આવા અધિકારીઓ સામે પગલાં લેવાશે કે કેમ તેના ઉપર નજર મંડાઈ છે.

ભાજપ એક શિસ્તબંધ પક્ષ છે અને પક્ષને સંચાલન કરવા માટેના અનેક તન-મન-ધન થી છુપી કે જાહેર સેવા કરી શકે તેવા કર્મઠ કાર્યકર્તાઓની અનિવાર્યતા ગણાય છે. આવા કાર્યકર્તાઓના એક મોટા સમૂહના કારણે ભાજપ પોતાના કહેવાતા લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું તેવું જણાઈ રહ્યું છે. પક્ષના હાલના જીલ્લાના હોદ્દેદારોના છુપા આર્શીવાદ ઘણો કે સીધો દોર ઘણો તેમ સરકારી કલ્યાણકારી સહાયના સહભાગ્યોની મીઠી નજર થી વહીવટ ચાલી રહ્યો હોવાનો છેલ્લા કેટલાક સમય થી કાર્યકર્તાઓમાં ગણગણાટ વ્યાપી રહ્યો છે. તેમ છતાં મૌન સૌ કોઈ ધારણ કરીને બેસી રહ્યા છે. ભાજપની સરકાર કેન્દ્રમાં તથા રાજયમાં સહિત વિવિધ સ્થળોએ નેતૃત્વ સંભાળી રહી છે. તેવા સમયે બધુ ગુલાબી ચિત્ર હોવાની ડહાપણભરી વ્યકતવ્ય આપીને સંતોષ વ્યકત કરાઈ રહ્યો છે. પરંતુ ધારાસભ્ય જેવા ટોચના હોદ્દેદારો પ્રજાના કામ અંગે જે તે તંત્રને રજુઆત કરે છે. પરંતુ કોઈજાતનો પ્રજાલક્ષી કામગીરી થતી નથી. માત્ર ને માત્ર અંગત સ્વાર્થ હોવાનું જણાઈ આવે છે. તેવો અરજદાર ભાજપા સરકાર સામે નારાજગી વ્યકત કરી રહ્યા છે. જે તે મળતા હોદ્દેદારોને આ બાબતે નારાજગી વ્યકત કરવા છતાં માત્ર પોતે સરકાર આગળ લાચાર હોવાનું જણાવી રહ્યા છે. તેવો એક કિસ્સો જાહેરમાં પ્રગટ થયો હતો. બુધવારના રોજ બી.આર.જી.એફ. ભવન ખાતે સ્વ સહાય જુથો માટે બેન્ક લીંક એડ અન્વયે નર્મદા જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગના રાજયકક્ષાના મંત્રી જીતુભાઈ ચૌધરીની વિશેષ હાજરીમાં આયોજીત કાર્યક્રમના ભાષણ બાજી દરમ્યાન ગોધરાના ધારાસભ્ય દ્વારા મારું શું..? અને મારે શું...? તેવા વલણ અરજદાર સાથે અપનાવી રહીને ગરીબ અને નિઃસહાય અરજદારોને ખૂબ છેલ્લા ત્રણ વર્ષથી સત્તામાં બેઠેલા અધિકારીઓ અને કર્મચારીઓ આપી રહ્યા હોવાનો ખુલ્લો બળાપો વ્યકત કરતાં એક તબકકે સભામાં સન્નાટો વ્યાપી ગયો હતો. અત્રે નોંધનીય છે કે, ભાજપના ધારાસભ્ય સી.કે.રાઉલજીના ધારાસભ્ય તરીકે વર્ષોનો અનુભવ જણાવે છે કે, અગાઉ રાબેતા મુજબ નાનામાં નાના કાર્યકર્તાઓના કોઈપણ લોભ લાલચ કે વગ વિના પૂર્ણ થતા હતા. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી નળીયા થી લઈને તળીયા સુધીના સત્તામાં બેઠેલા અધિકારી અને કર્મચારીઓની સ્વાર્થવૃત્તિના યેનકેન પ્રકારે કામો ટલ્લે ચડી રહ્યા છે. પોતે સાચા અને હકકદાર હોવા છતાં અધિકારીઓની સ્વાર્થવૃતિના કારણે કામો ન થતાં અન્યાયની લાગણી અનુભવે છે. જોકે, આ કાર્યક્રમમાં ધારાસભ્યના ખુલ્લેઆમ ઉચ્ચારણોને લઈને મંચસ્ત શોભાવનાર પક્ષના શિર્ષસ્ત નેતાઓ પણ એક તબકકે મોં છુપાવવા લાગ્યા હતા. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગરીબ વંચિત અને શોષીત માટે અનેક યોજનાઓ અમલમાં મુકીને કામગીરી હાથ ધરાઈ રહી છે. તેવા સમયે હકદારોને હકથી વંચિત રાખવાના તંત્રના વલણ સામે અનેક પ્રશ્નાર્થો કરનાર ધારાસભ્ય સામે કોઈ પ્રતિક્રિયા આપવાના બદલે કાર્યક્રમ બાદ આવા અધિકારીઓ સાથે સૌ મંચસ્ત મહાનુભાવો હાથ તાળી આપીને રવાના થઈ ગયા હતા. આ પરથી એવું જણાઈ રહ્યું છે કે, આવા પ્રજા વિરોધી અધિકારીઓને વહિવટદારોમાં છુપો સાથ સહકાર આપી રહ્યા છે અને પ્રજાને અન્યાય કરાઈ રહ્યો છે. તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. એક બાજુ ધર્મની નારાબાજી સાથે માથે ભગવી ટોપી પહેરીને સેવાના ગુણગાન ગાનાર આ પદાધિકારીઓ આવા લોક વિરોધી અધિકારીઓને જીલ્લા બહારની સરહદ દેખાડશે કે પછી સહી સલામત હોવાના ગાણા ગાશે...? તેવા મત મતાંતરો વ્યાપ્યા છે. જ્યારે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા ઉપરોકત બફાટ કરીને સરકારની પોલ ખોલ્યા બાદ આવા નિષ્ક્રિય અધિકારીઓ સામે પગલાં લેવાશે કે કેમ એક પ્રશ્નાર્થ છે. પરંતુ આ કાર્યક્રમના ઉચ્ચારણો બાદ સરકારમાં પાર્ટી કક્ષાએ ગંભીર નોંધ લેવાઈ હોવાનું કહેવાય છે.



- ગોધરામાં ક્રેડિટ લોન કેમ્પમાં રાજયકક્ષાના મંત્રીની ઉપસ્થિતીમાં બફાટ પણ ભાજપાનું સૂચક મૌન!!!
- જાહેરમાં બફાટ કરતાં મંચસ્ત મહાનુભાવો શોભજનક સ્થિતીમાં મુકાયા.
- તંત્રની લાપરવાહીના કારણે અરજદારો અન્યાય અનુભવી રહ્યા હોવા છતાં મહાનુભાવો લાચાર.
- કાર્યક્રમ બાદ હાથ તાળી આપીને છુટા પડતા નજરે જોનાર લાભાર્થીઓમાં છુપો ગણગણાટ.
- પ્રજા વિરોધી અધિકારીઓ તથા કર્મચારીઓ સામે પગલાં લેવાશે કે કેમ પૂછતી પ્રજા.
- અત્યાર સુધી માત્ર ધારાસભ્ય દ્વારા જ તંત્રની પોલ ખોલી તો બાકીના કેમ બાકાત...?
- નજીકમાં ચુંટણી છે ત્યારે નિષ્ક્રિય તંત્ર વિરૂદ્ધ હવે શું સરકારનો અભિગમ રહેશે...?

## ગરીબ પ્રત્યે માનવીય અભિગમ રાખવાની શીખ....



ગોધરાના કેડિટ કેમ્પના મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્વસહાય જુથના મહિલા સભ્યોની સમક્ષ તંત્રની પોલ ખોલતા શબ્દોના ગૂઢ ભાવાર્થ સમજતા જણાય છે કે, ધારાસભ્ય દ્વારા તંત્રની વાસ્તવિક પરિસ્થિતી જાહેરમાં મૂકી છે. અને નિષ્ક્રિય તંત્રને શીખ આપતાં ઉમેર્યું કે, તેઓનું શું... મતલબ કે જ્યારે ગરીબ લાભાર્થી કામ માટે આવે છે. ત્યારે મનમાં અધિકારી મારું શું... તેવો આર્થિક ભાવ ના રાખે અને જો નિયમમાં સમાવેશ ન થતા હોય તો મારે શું... તેના બદલે તેઓનું શું... આવા ગરીબ પ્રત્યે માનવીય અભિગમ રાખે એમ કહેવાનું ફલિત થાય છે. ત્યારે ભાજપા સરકાર આવા ઈશારા સામે જરૂરી પગલાં લે તે સમયની અનિવાર્યતા છે.

## શહેરાના ધારાસભ્યની રજુઆત બાદ પણ માટી કૌભાંડ બેરોકટોક...

તંત્રના અધિકારીઓની પોલ ખોલતા અન્ય કિસ્સામાં જોતા શહેરા તાલુકાના ખાંડીયા તળાવમાં રાત દિવસ મસમોટી મશીનરી ગોઠવીને માટી ચોરીનું સુઆયોજીત ષડયંત્ર છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં લાખો ટન કિંમતી માટીની સંપતિની હેરાફેરી થઈને કૌભાંડ આચરાઈ રહ્યું છે. આ માટી કૌભાંડ જગજાહેર હોવાથી સ્થાનિક નાગરિકો દ્વારા રજુઆત બાદ ગુજરાત વિધાનસભાના ડે.સ્પીકર એવા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા મુખ્યમંત્રી સુધી આ માટી કૌભાંડ અંગે બ્રેક લગાવવાની ધારદાર માંગણી કરવા છતાં ૪૮ કલાકનો સમય વિતવા છતાં હજુ સુધી ખાણ અને ખનિજ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યું છે. અને આ સમયગાળામાં કેટલોક વહીવટી સગેવગે કરવાનો મોકો મેદાન અધિકારીઓ આપી રહ્યા હોવાનું જણાઈ રહયું છે. ત્યારે છેલ્લા કેટલાક સમય થી કૌભાંડ કારીઓને અધિકારીઓ વચ્ચેની ચાલતી મીલિભગતની પોલ ખોલવા છતાં તંત્ર અનદેખી કરી રહ્યું છે. તો પ્રજાએ શું સમજવું....?

## ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મારમારીના ગુન્હાના કામે આરોપીઓ દ્વારા દાખલ કરાયેલી નિયમિત જામીન અરજી નામંજૂર કરતી મુખ્ય સેશન્સ કોર્ટ

ગોધરા,

ગોધરા ખાતે બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નામદાર કોર્ટ માં ચાલતા કેસો પરત ખેંચી લેવા માટે દબાણ કરી આરોપીઓ સાજીદ અબ્દુલ રહીમ હાજીયા, ઝુબેર સીદીક મીઠાભાઈ વિગેરે નાઓએ જાબીર સૂફી ઝભા અને મુસ્તાક સફી ઝભાને મારક હથિયારો સાથે હુમલો કરી મારમારતા ગંભીર ઈજાઓ થતાં ઈજા પામનારને વડોદરા ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓ દ્વારા પંચમહાલ જિલ્લાના મુખ્ય સેસનસ જજ જે.સી.દોશીની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરતાં જામીન અરજીની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોર ની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળો તથા ઈજા પામનાર હાલ સારવાર હેઠળ હોઈ નામદાર કોર્ટ દ્વારા બનાવની ગંભીરતા જોતા આરોપી ઓની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે. જેથી ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધમાલ કરતાં તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## જાંબુઘોડાના જબાણ ગામ પાસેથી કત્તલ માટે લઈ જવાતા ચાર ગૌવંશને બચાવી લેવાયા

જાંબુઘોડા,

જાંબુઘોડા પોલીસએ જબાણ ગામ પાસે ટવેરા ગાડીમાં કત્તલના ઈરાદે લઈ જવાતા ૪ ગૌવંશને પોલીસ દ્વારા બચાવી લેવામાં આવ્યા. આરોપી અંધારામાં નાશી જતાં આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



જાંબુઘોડા પોલીસને બાતમી મળી હતી કે, ટાવેરા ગાડીમાં ભીલ ડુંગરા તરફ થી કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને શિવરાજપુર તરફ જનાર છે. તેવી બાતમીના આધારે જબાણ ગામે પોલીસે વોચ ગોઠવીને ટાવેરા ગાડીને રોકવા જતા અંધારાનો લાભ લઈને ટાવેરા ગાડીને રોડ સાઈડે ઉતારીને ઝાડ સાથે અથડાવી અંધારાનો લાભ લઈને ઈસમો નાશી છુટીયા હતા. પોલીસે ટાવેરા ગાડી માંથી ગાયો નંગ-૩ તથા બળદ નંગ-૧ મળી ૪૫,૦૦૦/-રૂપીયા મળી ૯૫,૦૪૭/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ ગોપીપુરા પાસેથી મારૂતી ઝેનમાં લઈ જવાતા ૨૫ હજારના દારૂ સાથે ત્રણ ઈસમો ઝડપ્યા



હાલોલ,

હાલોલ પોલીસને બાતમી મળી હતી કે, બોરસદનો ઈસમ એમ.પી.થી ઝેન ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને હાલોલ થઈને બોરસદ જનાર છે. તેવી બાતમીના આધારે ગોપીપુરા પાસે વોચ ગોઠવીને ઈસમને ઈંગ્લીશ દારૂ કિંમત ૨૫,૨૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ પોલીસને બાતમી મળી હતી કે, બોરસદના મુકેશ ઠાકોર મારૂતી ઝેન ગાડી નં.જીજે.૦૬.એએચ.૪૯૧૩માં એમ.પી. થી ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને હાલોલ થઈને બોરસદ જનાર છે. તેવી બાતમીના આધારે હાલોલ પોલીસે ગોપીપુર પાસે વોચ ગોઠવી મારૂતી ઝેન પાયલોટીંગ કરતાં બાઈક સાથે મુકેશ ગોકળભાઈ પરમાર રહે. વાસણા, બોરસદ, મિતેશ વિનુભાઈ ઠાકોર, મુકેશ બાબુભાઈ ઠાકોરને ઝડપી પાડી મારૂતી ઝેન માંથી ઈંગ્લીશ દારૂ બોટલો નંગ-૪૮ કિંમત ૨૫,૫૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૨, બાઈક મારૂતી ઝેન મળી રૂપીયા ૧,૮૨,૨૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા શહેરમાં રથયાત્રા અને બકરી ઈદના તહેવારને લઈ પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવી

ગોધરા,

ગોધરા શહેરમાં આગામી રથયાત્રા અને બકરી ઈદના તહેવારને લઈ પોલીસ વિભાગ સર્તક થયા તહેવારો દરમિયાન શાંતિ અને એખલાસનો માહોલ જળવાઈ રહે તે માટે ગોધરા શહેરમાં જીલ્લા પોલીસવડા સહિત અધિકારીઓ ફલેગ માર્ચ યોજી.

ગોધરા શહેરમાં જીલ્લા પોલીસવડા દ્વારા રથયાત્રા અને બકરી ઈદના તહેવારને લઈ હિન્દુ અને મુસ્લીમ સમાજના આગેવાનો સાથે મળીને શાંતિ સમિતિની મીટીંગનું આયોજન કરવામં આવ્યું હતું. બન્ને ધર્મના લોકો તહેવાર દરમિયાન કોમી એખલાસ અને શાંતિનો માહોલ જળવાઈ રહે તેવી અપીલ કરવામાં આવી હતી. ૧ જુલાઈના રોજ રથયાત્રા અને બકરી ઈદના તહેવારને લઈ જીલ્લા પોલીસવડાની અધ્યક્ષતામાં શહેરના રાજમાર્ગો ઉપર પોલીસની ફલેગ માર્ચ યોજવામાં આવી.

## ગોધરા તાલુકાના પોપટપુરાની ૩૯ એકર જમીન પ્રાંત અધિકારીએ શ્રીસરકાર કરી જયારે આજ નોંધ નં.૧૧૫૮ વાળી અન્ય જમીન શ્રીસરકાર કરવા કાર્યવાહી કરશે ખરી...?

ગોધરા,

મોજે પોપટપુરાના રે.સ.નં.૬૦/૫૨ પૈકીની જમીન ૭૩ એ.એ.વાળીમાં નોંધ ૧૧૫૮ બાબતે ગુજરાત સરકારના પરિપત્રો હુકમ આદેશો અનુસાર ૧૯૮૧ થી પડેલ નોંધ ૧૧૫૮ સને૧૯૮૨માં સર્કલ ઓફિસ નિવૃત્ત ડી.પી.ગોહિલ ગોધરા કસ્બા દ્વારા પાડવામાં આવેલ છે. પરંતુ ગુજરાત સરકારમાં જે તે સમયે ફરજ બજાવતા એ.આઈ.મદારીના પિતા ઈબ્રાહિમ મદારીના નામે કરેલ છે. જે જમીન ૭૩ એ.એ.ભંગ બદલ ૨૦૦૮માં ગોધરા પ્રાંત દ્વારા સરકાર ત્યારબાદ અરજીના આધારે જમીન મહેસુલ કાયદા નિયમ-૭ હેઠળ મામલતદાર ગોધરા નિરકુમાર કુલચંદ વસાવા દ્વારા સરકારી દબાણ વસુલાત વિગેરે બાબતે જમીન મહેસુલ કાયદાની કલમ ૬૧ મુજબની પુરેપુરી તક આપી સુનાવણી કરી તેમજ આ બાબતે સરકાર દબાણ દુર કરવા ૨૦૨ મુજબનું નિરકુમાર કુલચંદ વસાવા દબાણ હટાવવાના આદેશ ૨૦૧૫માં આપેલ હોવા છતાં આજદિન સુધી દબાણ જે તે સમયના નાયબ મામલતદાર રાજુ શાહ ગોધરા સંબંધના હિસાબે કોઈ સરકારના હિતમાં કાર્યવાહી ગોધરા મામલતદાર તથા નાયબ મામલતદાર મહેસુલ નિવૃત રાજુભાઈ શાહ દ્વારા કોઈ પણ જાતનું દબાણ દુર કરવામાં આવેલ નથી. ત્યારબાદ નાગરિક દ્વારા મહેસુલ તપાસણી કમિશ્નર તથા પંચમહાલ જીલ્લા કલેકટર નં. આર.ટી.એસ. મુંબઈ જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ની કાયદા કલમ ૨૦૨-૧૧/૦૩/૨૦૧૫ મુજબ નોટીસ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા નોટીફિકેશન નં. એડી.એમ./એસ./ઓ/વશી/૧૪૫૦ તા.૨૬/૦૭/૧૯૭૯નું અનાદર કરવા બાબતે દબાણ દુર કરવા રાજુઆતો કરવામાં આવેલ. આ બાબતે નિવાસી નાયબ કલેકટર પંચમહાલ ગોધરા તા.૧૯/૧૨/૨૦૧૫ નાયબ કલેકટર પ્રાંત ગોધરા તા.૧૨/૦૫/૨૦૧૬ તથા નાયબ કલેકટર તા.૧૮/૦૭/૨૦૧૬ આમ, આ બાબતે જે તે સમયના હાલ નિવૃત્ત રાજુભાઈ શાહ નાયબ મામલતદારે કોઈ રીપોર્ટ કે દબાણ ખસેડવાની વહીવટનાતે તથા સરકારની જોગવાઈઓ હોવા છતાં કોઈ કાર્યવાહી અબ્દુલ રહેમાન ઈબ્રાહિમ મદારી સામે ૬૧-૨૦૨ નોટીસો અંગેની આજદિન સુધી દબાણ કે ફોજદારી રાહે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા આ પ્રકરણની જોગવાઈઓને દબાવી મુકેલ બાબતે રજુઆતના આધારે અને ગુજરાત સરકાર મહેસુલ વિભાગ પરિપત્ર ક્રમાંક અદજ/૧૦૨૦૦૨/૧૬૬૭/લ તા.૨૩/૦૪/૨૦૦૪ નાયબ સચિવ ઉપરોકત કલેકટરો ગુજરાત સરકારના કેડર અધિકારીઓ તરફ આપવામાં આવેલ સુચનાઓ ફકત (કાગળ) પર ન રહેતા તેનો ચુસ્તપણે અમલ થાય અસરકારક દબાણ કેસો કરવામાં આવે. સરકારી જમીન પર વારંવાર દબાણ કરવા ટેવાયેલા "લેન્ડ ગ્રેબિંગરો" સામે (પાસના કાયદા હેઠળ અટકાયતી) પગલા લેવા સહિતની કામગીરી હાથ ધરી સરકારી જમીનો પરના દબાણો અવશ્ય પણે દુર થાય તેમજ જે ખુલ્લી જમીનો દુર કરવાના તમામ કલેકટરોને ગુજરાતના રાજયપાલના હુકમ થી જાહેર નાયબ સચિવ દ્વારા જણાવવામાં આવે છે. જે બદલ કલેકટર પંચમહાલ ગોધરાના તમામ મહેસુલ વિભાગ તમામ બિડાણ સહિત તથા મહેસુલ તપાસણી કમિશ્નર તકેદારી મહેસુલ વિભાગ તમામ બિડાણ સહિત તથા મહેસુલ તપાસણી કમિશ્નર તકેદારી સેલના સાથે વારંવાર રજુઆતો કરેલ છે. આ બાબતે જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ પંચમહાલ ગુજરાત રાજ્ય સરકારના ચી.ટુ.કલેકટર દ્વારા વી.પી.જમન/૨૯૫૭/૫૮ થી ગોધરા ગ્રામ્ય મામલતદાર સમક્ષ તા.૨૭/૦૭/૨૦૨૧ના રોજ મોકલી મોંજે પોપટપુરાના ગોધરા સ.નં.૬૦/૫૨ માં ૭૩ એ.એ.નિયંત્રણવાળી જમીન બાબતે રજુઆત નાયબ કલેકટર ગોધરા મારફતે અહેવાલ મોકલવા વિનંતી કરેલ છે. આ પત્રનું કોઈ વજુદ નથી. કોઈપણ જાતના રેકર્ડ તપાસ વિના પત્ર પાઠવેલ છે. આ સર્વે નં.૬૦/૫૨ વાળી જમીનમાં કાયદાની કલમ ૬૧-૨૦૨ની નોટીસો આપી દબાણ દુર કરવાની રજુઆતો ધ્યાને નહીં લઈ અને ચી.ટુ.કલેકટર ધ્યાન દોરયા વગર સહી અંધારામાં કરાવી ખોટા પત્ર પાઠવેલ છે. આમ, ૬૦/૫૨ વાળી જમીનમાં પ્રાંત ગોધરા ૨૦૦૮ના હુકમ કાયમ રાખી તથા અમદાવાદ સચિવ મનાઈ હુકમ આપેલ નથી. સંબંધોના હિસાબે રીમાન્ડર કરેલ છે. રીમાન્ડર કેસ અપીલ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા આઈ.એ.એસ. કેડરના જે તે સમયના તમામ રેકર્ડ રૂલ્સ મુજબ રીમાન્ડ કેસ નામંજુર કરેલ છે અને હાઈકોર્ટમાં પીટીશન આ અબ્દુલખાન ઈબ્રાહીમ મદારી જે તે સમયે રેવન્યુ અધિકારીની અપીલ કાઢી નાખેલ છે. જે તમામ નોંધો પાડવામાં પણ રજુઆતો કરેલ છે અને આ તમામ કેસ હાઈકોર્ટ વિગેરે કેસોની માહિતી દુશન મહેતા હાલ શહેરા તથા સંજય કનકસિંહ લાકોડ હાલ જીલ્લા કલેકટર પંચમહાલ પુરવઠાઓ સારી રીતે તમામ હકીકતો થી વાકેફ છે. તેઓ દરમિયાન આ અબ્દુલ રહેમાન મદારીના મેળાપીપણામાં સરકારીનું હિત વહીવટીનાટે સાચવેલ નથી. જેથી અધુરી કામગીરી કરનાર કર્મચારીઓનું કાયમી ધોરણે (પરમોશન) (પેન્શન) ઈજારૂ બદલ યોગ્ય કાર્યવાહી થાય તેવી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના ધ્યાને વારંવાર લાવેલ છે. પરંતુ પોપટપુરા ગોધરા તાલુકો ગોધરાના રે.સ.નં.૬૦/૫૨ વાળી જમીન ઉપર થી કયા કારણે દબાણ હટાવવામાં આવેલ નથી. તે યોગ્ય તપાસ જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ પંચમહાલ દબાણ વસુલાત દંડ સહિતની કાર્યવાહી કરશે કે કેમ...?

આમ, આ દબાણ તલાટી સર્કલ ઓફિસ નાયબ મામલતદાર તથા મુખ્ય મામલતદાર તરફ થી દરખાસ્ત કરી ઘટતું ઓફિસર કાર્યવાહી કરવાની નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી ગોધરા એન.બી.રાજપૂતના વહીવટી હેઠળ તમામ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાનું થાય છે. વધુમાં આ બાબતે નાયબ કલેકટર પ્રાંત સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ પ્રજાપતિ દ્વારા પત્ર પાઠવેલ બાબતે આજદિન સુધી કોઈ દબાણ રે.સ.નં.૬૦/૫૨ એ(૫) ગું-૦૦ વાળી જમીનનું કરેલ નથી. આમ, જો આવા સર્વે નં.ની. કાર્યવાહી કે રજુઆતો સામે આવે તો ગુજરાત સરકારના પરિપત્રો ઠરાવો તથા સરકારી વકીલ મારફતે ગંભીર પ્રકારના કેસો સમીક્ષા કરી તાત્કાલીક ઘટતી કાર્યવાહી જે તે અધિકારી દ્વારા પુરી કરાવવાની જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ ગોધરાની ફરજ બને છે અને અધિકાર પરત્વે કાર્યવાહી કરવાની થાય છે. બાકી અધિકાર બહારની કાર્યવાહી ગુજરાત રાજય સરકાર અધિક સચિવ મહેસુલ વિભાગ તરફ મોકલી આપવાની થાય છે. આ દબાણવાળી જમીન પોપટપુરાના રે.સ.નં.૬૦/૫૨ એ (૫) ગું-૦૦માં તમામ પ્રક્રિયા તથા રીપોર્ટ થયેલા હોય તેમ છતાં દબાણ નહીં હટાવેલ કર્મચારીઓ- અધિકારી નિવૃત્ત તથા ફરજ પરના રાજય સેવકો સામેનું કલેકટર પંચમહાલ ગોધરા વહીવટી અધિકાર પરત્વે તથા યોગ્ય દરખાસ્ત ગુજરાત સરકારને કરશે કે કરાવશે. આવા કર્મચારીઓ- અધિકારીઓથી ગુજરાત સરકાર બદનામ થાય છે. જેથી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા તરફ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકારના કરેલ ગેરરીતિઓ તપાસ કરે કરાવે તેવી ગોધરાની પ્રજાની રજુઆતો છે અને કેટલીક સરકારી હિજરતી જમીનોમાં સુધારા હુકમો કરી સરકાર નામ ગાયબ કરનાર સામે ખાતાકીય પગલાં લેવા અંગેની રજુઆતો તથા સુધારા હુકમોના આધારે ગેરરીતિઓ બોગસ ખેડુતો અવલોકન કેસો બોગસ ખેડુત પ્રમાણપત્રોની રજુઆતો ગાંધીનગર સુધી નાગરિકો દ્વારા કરેલ છે. તે તપાસ મહેસુલી ટીમ દ્વારા મહેસુલ મંત્રી તપાસ ટીમ નિમશે કે નિમાવશે. કેટલીક ૭૩ એ.એ.વાળી મિલ્કતોના ખોટા હુકમો કરેલ બાબતે તપાસ થાય તેવી રજુઆતો કરવામાં આવેલ છે.

આ પોપટપુરાની નોંધ નં.૧૧૫૮ વાળી પંચમહાલ પ્રાયમરી એજ્યુકેશન સોસાયટીની ગોધરા તાલુકા પોપટપુરા ગામે અંદાજીત ૩૯ એકર વાળી જમીન ગોધરા ગ્રામ્ય વિભાગ મામલતદાર પી.બી.કુંભાણી તપાસ રીપોર્ટના આધારે ગોધરા પ્રાંત એન.બી.રાજપૂત ગોધરા દ્વારા સરકાર કરેલ છે. પરંતુ નોંધ નં.૧૧૫૮ જે સક્ષમ અધિકારી તથા ગુજરાત સરકારની પરમીશન વગર મોટા પ્રમાણની મિલ્કતોનું શું મામલતદાર ગ્રામ્ય વિભાગ પી.બી.કુંભાણી એ અધુરી નોંધ નં.૧૧૫૮ વાળીની મિલ્કતોમાં રાજ્ય સરકાર તકેદારી સેલ રેફરન્સ હોવા છતાં નોંધ ૧૧૫૮ની મિલ્કતો એક જ પ્રકારની હોય તો પી.બી.કુંભાણી દ્વારા સરકાર કેમ કરેલ નથી અને ફકત પ્રાયમરી એજ્યુકેશન સોસાયટી ટ્રસ્ટ મિલ્કતો છે. તે પણ પ્રકાર તમામ મિલ્કતોનો છે. શું આ ૩૯ એકર પી.બી.કુંભાણી દ્વારા સરકારનો રીપોર્ટ કરેલ હોય તો બીજી મિલ્કતો ૭૩ એ.એ. સક્ષમ અધિકારીની મિલ્કતો એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાએ કોના હુકમ થી એક જ પ્રકારની મિલ્કતો સરકાર કેરલ નથી અને કાયદાનું માન સમ્માન તેમજ રેકર્ડ રૂલ્સ વિરૂદ્ધ નોંધ નં.૧૧૫૮ વાળી મિલ્કતો એન.બી.રાજપૂત સરકાર કરશે કે નહીં તે જોવાનું રહ્યું. બાકી પડેલ મિલ્કતો કયારે સરકાર થાય તે જોવાનું રહ્યું.